શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સઠકારી સોસાયટીનું મુખપત્ર



પરજિયા સોની સંદેશ

Email: sonisandesh1@gmail.com

સર્વોનું... સુવર્ણ ગૌરવ

Website:www.mumbaiparajiyasoni.org

વર્ષ : ૨૮ અંક : ૨ પાના : ૩૨ તંત્રી:ભરત કે. સતિકુંવર ફેબ્રુઆરી ૨૦૧૭ મૂલ્ય : ૩.૧૨/-

॥ જય શ્રી રાંદલ મા ॥

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા અને તેમના ધર્મપત્ની
સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાયા (નાંદુરી) ના પુણ્ય સ્મરણાર્થે

સ્વ.જશોદાબેન
ઓધવજીભાઈ વાયા

સ્વ.ઓધવજીભાઈ
જેઠાભાઈ વાયા

'સોની સંદેશ'
નિભાવ ફંડના
મુખ્ય દાતા

સ્વ.ગોરધનદાસ
ઓધવજીભાઈ વાયા

સ્વ.ભગનભાઈ
ઓધવજીભાઈ વાયા

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:35 PM

વેવિશાળ પ્રસંગે
હાર્દિક શુભેચ્છા

રાણવાળા હાલ જામ ખંભાળીયા નિવાસી
સોની શ્રી ગોરધનભાઈ મંગળદાસના સુપુત્ર
શ્રી ગિરધરભાઈ ગોરધનભાઈ તથા
અ.સૌ. નૈનાબેન ગિરધરભાઈ વાયાના સુપુત્ર

ચિ. નિરવ (બી.કોમ)

નું વેવીશાળ ચુંદડી ઓથાવાળા હાલ મહુવા
નિવાસી શ્રી તુલશીભાઈ લાખાભાઈના સુપુત્ર
શ્રી ઘનસુખભાઈ તુલશીભાઈ તથા
અ.સૌ. ગીતાબેન ઘનસુખભાઈ સાગરની સુપુત્રી

ચિ. જાહલ (બી.સીએ.)

સાથે સં. ૨૦૭૩ ના મહાસુદ ૫ (વસંત પંચમી)
તા. ૧-૨-૨૦૧૭ ના શુભ દિને મહુવા મુકામે સંપન્ન થયા

સોની શ્રી ગીરધરભાઈ ગોરધનભાઈ વાયા
સોની શ્રી ભાસ્કરભાઈ તુલશીભાઈ સાગર

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:36 PM

શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
(બોરીવલી)નું મુખપત્ર

પરજિયા
સોની સંદેશ

તંત્રીઃ ભરત કે. ચલિકુંવર
સહતંત્રી : ડી.સી. સાગર

પ્રકાશન સ્થળ
પરજિયા સોની સંદેશ
શિંપોલી ક્રોસ લેન, એસ.વી.રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૪૦૦ ૦૯૨.

મુખપત્રના માલિક
શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
શિંપોલી ક્રોસ લેન, એસ.વી.રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.
ફોન : ૨૮૯૮ ૩૯૦૫
૨૮૯૯ ૬૦૬૭
Email:
sonisandesh1@gmail.com
web site:
www.mumbaiparajiyasoni.org

મૂલ્ય : રૂા. ૧૨.૦૦

મુદ્રણ સ્થાન
જીજ્ઞેશ પ્રિન્ટર્સ
૧-૨, રોહન રેસીડેન્સી,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.

આજીવન લવાજમના ઠરો :
ભારતમાંઃ રૂા. ૫૦૦/-
વિદેશમાંઃ રૂા. ૩૫૦૦/-

લવાજમ તેમજ જાહેરાતના ચેક 'શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી' (Shree Mumbai Upnagar Parajiya Sahakari Society) ના નામે મોકલવા.

આ અંકમાં વાંચશો...

- તંત્રીના સથવારે
- સંતાનના ઉછેરમાં પિતાનું યોગદાન
- કાવ્ય – ''આંસુ જરૂર આવી જાય છે''
- એડજસ્ટ એવરીવ્હેર
- ભુમી પૂજન
- દીકરો તો ગમે દીકરી ન ગમે
- આઠમો સમુહ વિવાહ
- ભેટની યાદી
- પવિત્રતાની પ્રતિમૂર્તિ – શ્રદ્ધાસ્થાન ગાયમાતા
- ખોટું બોલવાની મીઠાશ
- શ્રદ્ધાંજલિ

પ્રતિજ્ઞા

સમાજનો દરેક માણસ સુશિક્ષિત, સંસ્કારી અને સુશીલ હોય,
સમાજનો દરેક માણસ સ્વાવલંબી અને સધ્ધર હોય,
સમાજનો દરેક માણસ એકબીજાને મદદ કરવા તત્પર હોય,
સમાજનો દરેક માણસ સુંદર વિચારોથી સમૃદ્ધ હોય,
એવા સમાજનું નિર્માણ કરવા આપણે પ્રતિબદ્ધ છીએ.

-કારોબારી કમિટિ

'સોની સંદેશ' માં પ્રગટ થતી કૃતિઓ વ્યક્ત થતાં મંતવ્યો કર્તાના પોતાના છે અને અંકમાં પ્રકાશિત થતી કોઈપણ માહિતી–લેખ સાથે પ્રકાશક, તંત્રી તથા સહતંત્રી સહમત છે તેમ માનવું નહીં.

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:37 PM

સોની વાડીના મુખ્ય દાતાશ્રીઓ

*** એજ્યુકેશન ફંડ ***

શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)

*** આર્થિક સહાય ***

સ્વ. રતિભાઈ કરશનદાસ ધકાણ (સરસઈ), દુબઈ

*** કાયમી દાતા ***

શ્રી અનિલભાઈ વ્રજલાલભાઈ ઘાણક (બગસરા)

*** સમૂહ લગ્ન ***

સ્વ. બાબુભાઈ લક્ષ્મણભાઈ ચોકસી (જેતપુર), બેહરીન

*** વિકલાંગ સહાય ફંડ ***

સ્વ. મગનભાઈ લાખાભાઈ ઘોરડા (બગસરા), મુંબઈ

*** નેત્રબિંદુ સહાય ફંડ ***

સ્વ. મગનલાલ કાનજીભાઈ જીણાદ્રા (રાજુલા), મુંબઈ

*** મેડીકલ સહાય ફંડ ***

સ્વ. માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ગઢડા), મુંબઈ
સ્વ. શાંતાબેન માધવજીભાઈ ધકાણ પરિવાર

*** સોની સંદેશ નિભાવ ફંડ ***

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા (નાંદુરી), નૈરોબી
સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાયા

*** સોની સંદેશ નિભાવ ફંડ સહયોગી દાતા ***

સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ (જામકા), દુબઈ
સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

*** આકસ્મીક સહાય ફંડ ***

સ્વ. રતીલાલ દેવરાજભાઈ થડેશ્વર (મોટા દેવળીયા)
ગં.સ્વ. ભાનુબેન રતીલાલ થડેશ્વર

કૂકડો માને છે કે સૂર્ય મારી બાંગ સાંભળવા માટે જ ઊગે છે.

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:38 PM

તંત્રીના સથવારે....

સબંધોના ફાયદો અને નુકસાન

જીવનમાં સબંધોનું મહત્વ હંમેશ વધુ રહ્યુ હોય છે. પરંતુ ક્યારેક એમાં તમારે વ્યક્તિ પ્રમાણે બાંધછોડ કરવી પડતી હોય છે. જીંદગી એ આપણું રંગમંચ છે, જેમાં આપણે સંભાળપૂર્વક પ્રેક્ષકોને આમંત્રણ આપવું પડે છે. દરેકને પ્રથમ હરોળમાં ક્યારેય સ્થાન ન આપવું. ઘણા લોકો એવા હોય છે જેમને થોડી દૂર અથવા છેલ્લી હરોળમાં રાખવા પડે અમૂક લોકો સાથે સબંધો તોડવામાં નુકસાન કરતા ફાયદો વધારે થતો હોય છે.

આજે લોકો મતલબ માટે સંબંધો વિકસાવે છે જેને કારણે ક્યારેક બહુ મોટું નુકશાન ખમવું પડે છે. અને લોકોનું એક બીજા પરનો વિશ્વાસ ઓછો થાય છે. દુખમાં કોઈનો સાથ મળતો નથી માટે આ દુનિયામાં કોણ સાથી છે અને કોણ સ્વાર્થી છે એનો ભેદ પારખવામાં નીપુણતા મેળવવી પડશે. તમે જો ખરેખર ઉમદા ગુણો, સન્માન, વિકાસ, શાંતિ, સત્ય તેમજ પ્રેમના ચાહક તેમજ યાચક હશો તો તુરંત ખ્યાલ આવી જશે કે જીંદગીનાં થિયેટરમાંની આગળી હરોળમાં બેસવાની લાયકાત કોણ ધરાવે છે અને કોને પાછળની લાઇનમાં બેસાડવા જોઈએ.

જય હિંદ જય ભારત !

- ભરત કે. સોલંકુવર

-: અગત્યની સુચનો :-

'સોની સંદેશ' ના સભ્યોને જણાવવાનું કે સોનીવાડી કાર્યાલયમાંથી દર મહિનાની ૨૦ તારીખે 'સોની સંદેશ' પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. જે સભ્યોને 'સોની સંદેશ' મેળવવામાં મુશ્કેલી આવી હોય તેમણે તેમના વિસ્તારની પોસ્ટ ઓફિસમાં ફરિયાદ નોંધાવવા વિનંતી

દરેક જ્ઞાતિબંધુઓ સહિત સંસ્થાઓને વિનંતી સાથે જણાવવાનું કે આપના તરફથી 'સોની સંદેશ' માં પ્રસિધ્ધ કરવા જે વિગતો આપવામાં આવે છે તે આપની સંસ્થાના લેટર હેડ ઉપર સ્વીકારવામાં આવશે તેમજ પ્રાસંગિક ફોટો કે લખાણ વોટસેપ ઉપર સ્વીકારવામાં આવશે નહી જેની નોંધ લેશો.

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:39 PM

આનંદોત્સવ નો આભાર

આથી સમસ્ત જગડા તથા ધાણક પરિવારના સુરાપુરા બાપાની દેરી એ વાર્ષિક પાટોત્સવ તા. ૨૦–૧–૨૦૧૭ ના દિવસે યોજેલ અને આ કાર્ય સંપુર્ણ શ્રદ્ધા અને આસ્થા સાથે જગડા પરિવાર તથા ધાણક પરિવાર ના ભાઈઓ તથા બહેનો ની વિશાળ સંખ્યામાં હાજરી સાથે સંપન્ન થયેલ કાર્યક્રમ ટાઈમસર અને રાબેતા મુજબ ચાલ્યો બીજુ ખાસ કે આપણા કુળદેવી શ્રી ખોડિયાર માતાજી તથા મોમાઈ માતાજી તથા સુરાપુરા આનંદ આપા તથા શ્રી લાલા આપા નું નવેસર થી નુતન ભવ્ય અને દિવ્ય મંદિર બનાવવાનું છે અને સરસ મજાના ઉતારા વિભાગ અને રસોડું વાસણ પાગરણ સાથેનું શ્રી ખોડિયાર ધામનું નિર્માણ કરવું તેવું નક્કી થયેલ છે માટેની જગ્યા પ્લોટ ની કામગીરી શરૂ કરેલ છે તો હવે પછી વધુ વિગત માટે આપણને જાણ કરવામાં આવશે.

જય માતાજી

જગડા જગદિશભાઈ મેંદરડા – મો ૯૯૨૫૩૩૩૫૬૨
જગડા સચીનભાઈ માંગરોળ – મો ૯૮૨૪૨૦૧૨૮૮
જગડા દિનેશભાઈ રાજકોટ – મો ૯૫૫૭૪૯૯૯૭૭
જગડા રમેશભાઈ રાજકોટ – મો ૮૭૩૩૮૬૫૪૬૬
જગડા પ્રદિપભાઈ મુંબઈ – મો ૯૮૩૩૭૩૦૫૨૦
ધાણક ભુપતભાઈ ખિલોરી – મો ૯૯૭૯૬૩૬૬૯૩

ગોર શ્રી ભરતભાઇ ડી. ભટ્ટ

(પરજીયા સોનીના એક માત્ર કુળગોર)

દરેક પ્રકારનું ધાર્મિક કામ કરાવનાર તથા જ્ઞાતિના સંતાનો માટે યોગ્ય સ્થાન બતાવનાર અને જ્યોતીષનું માર્ગદર્શન

૧૦, કૃષ્ણ ભુવન, જે.એમ.રોડ, ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦ ૦૭૮.

મો : ૯૮૨૦૧૬૪૦૦૭ / ૯૮૯૨૨૬૮૬૬૭

E-mail : bharatbhatt2549@yahoo.com

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:39 PM

સંતાનના ઉછેરમાં પિતાનું યોગદાન

આ લેખ નહિ પરંતુ જીંદગી છે મારું સર્વસ્વ છે, મારો આત્મા છે, મારા ગુરૂ, મારા સખા, મારા સુખ દુખ ના ભાગીદાર, ઈશ્વરે નીમેલા મારા જન્મ દાતા અને પાલનહાર મારા પિતા.. .!

કોઈપણ વ્યાખ્યાનકાર માતા વિશે બોલ્યા કરે છે, સંત મહાત્માઓ પણ માતાના મહત્વ વિશે જ વધારે કહે છે, દેવ–દેવીઓ પણ માતાના જ ગુણગાન ગયા છે. લેખકો–કવિઓ એ પણ માતાના ખુબ વખાણ કર્યા છે.

પણ ક્યાય પિતા વિષે બોલાતું નથી. કેટલાક લોકોએ પિતાની કલ્પના ને કલમની ભાષામાં મૂકી છે પણ તે ઉગ્ર વ્યસની અને મારઝૂડ કરનારા જ હોય છે... આવા પિતાઓ સમાજમાં એકાદ–બે ટકા હશે જ પણ સારા પિતાઓ વિષે શું લખાયું છે ?

પિતાના ઠેકઠેકાણે સંધાયેલા જોડા જોઈએ તો તેમનો પ્રેમ નજરે ચડે.

તેમનું ફાટેલું ગંજી જોઈએ તો સમજાય કે ''આપણાં નસીબના કાણા તેના ગંજીમાં પડયા છે''.

તેમનો દાઢી વધેલો ચહેરો તેમની કરકસર દેખાડે છે. દીકરા દીકરીને નવા જીન્સ લઈ આપશે પણ પોતે તો જુના લેંઘો જ વાપરશે.

સંતાનો ૧૦૦/૨૦૦ રૂપિયા પાર્લર કે સલુન માં જઈને બીલ કરશે પણ તેમના જ ઘરના પિતા દાઢીનો સાબુ ખલાશ થઈ ગયો હશે તો ન્હાવાના સાબુથી દાઢી કરી લેશે. ઘણીવાર તો ખાલી પાણી લગાડી ને દાઢી કરી લેતાં હોય છે.... !

રોજ આપણને સગવડ કરી આપનારી માતા યાદ રહે છે. પણ આજીવિકાની વ્યવસ્થા કરનારા પિતાને આપણે કેટલી સહજતા થી ભૂલી જઈએ છીએ ?

નોકરી માં એક દિવસ રવિવારે રજા મળતા જ ગામડે ખેતી કામ કરતા પણ મેં જોયેલા છે અને કપાસ ની ગાંસડી માથે ઉચકી ને સેઢા સુધી લાવતા જોયા છે પિતા ને...

બધાની સામે મોકળા મને માતા રડી શકે છે પાં રાત્રે તકીયામાં મોઢું છુપાવીને ડૂસકા ભરે છે તે પિતા હોય છે...!

માતા રડે છે પણ પિતાને તો રડી પણ શકાતું નથી. પોતાના પિતા મૃત્યુ પામે છતાં આપણાં પિતા રડી શકતા નથી, કારણકે નાના ભાઈ બહેનો ને સાચવવાના હોય છે, પોતાની માતા મૃત્યુ પામે તો પણ પિતા રડી શકતા નથી. કારણકે બહેન ને આધાર આપવાનો હોય છે...!

પત્ની અડધે રસ્તે સાથ છોડી ને જતી રહે તો બાળકોના આંસુ લુછવાનું કામ પણ પિતા એ જ કરવાનું હોય છે...!

પિતા માંદા પડે ત્યારે તરત જ દવાખાને જતા નથી. તે માંદગીથી ડરતા નથી પણ જો ડૉક્ટર એકાદ મહિનો આરામ કરવાનું કહી દેશે તો. શું કરવું તેનો ડર લાગે છે. કારણકે દીકરીના લગ્ન અને દીકરાનું શિક્ષણ બાકી હોય છે. ઘરમાં આવકનું બીજું કોઈપણ સાધન હોતું નથી.

પહોચ હોય કે ન હોય પણ દીકરાને એન્જીનીયરીંગ કે મેડીકલમાં પ્રવેશ અપાવે છે...!

ખેંચ ભોગવીને પણ બાળક ને નિયમિત હોસ્ટેલમાં પૈસા મોકલે છે... !

કોઈપણ પરીક્ષાનું પરિણામ આવે ત્યારે માતા જ સહુથી નજીકની લાગે કારણકે બાજુમાં લે છે, વખાણ કરે છે. આશિષ આપે છે, પણ ગુપચુપ જઈને પેંડાના પડીકા લાવનારા પિતા કોઈના ધ્યાનમાં રહેતા નથી... !

બાળક આવવાનું હોય તેવી સુવાવડી સ્ત્રીનું ખુબ મહત્વ હોય છે પણ હોસ્પીટલની લોબીમાં અસ્વસ્થ થઈન આમ થી તેમ આંટા મારનારા એ આવનારા બાળકના પિતાની કોઈ નોંધ લેતું નથી....!

પિતા શ્રીમંત સાસરું ધરાવતી દીકરીને ત્યાં બહુ જશે નહિ પણ દીકરી ગરીબ ઘરમાં આપી હશે. તો ભલે ઉભા ઉભા ખબર કાઢવા જવું પડે, તે ચોક્કસ દીકરીના ઘરના ચક્કર કાપશે... !

યુવાન દીકરો ઘરે મોડો આવે ત્યારે પિતા જ તેની રાહ જોઈને મધરાત સુધી ઉજાગરો કરતા હોય છે... !

જેને પોતાની જાત પર અસીમ વિશ્વાસ ન હોય તે નાસ્તિક છે.

દીકરાની નોકરી માટે સાહેબ સામે લાચાર થનાર પિતા, દીકરીને પરણાવવા માટે ઠેક ઠેકાણે મુરતિયા જોવા ઉંબરા ઘસતા પિતા, ઘરના લોકો માટે પોતાની વ્યથા અને જરૂરતને કોરણે મૂકી દેતા પિતા કેટલા ગ્રેટ હોય છે ખરું ને?

– સંકલન; નવનીત સાગર

શ્રી પરજીયા સોની સુવર્ણકાર યુવક મંડળ મુંબઈ

શ્રી પરજીયા સોની સુવર્ણકાર યુવક મંડળ – મુંબઈ દ્વારા આયોજીત **S.P.L.** ક્રિકેટ ટેનીસ ટુર્નામેન્ટ–૭ (૨૦૧૭) ઠાકુર સ્ટેડીયમ કાંદિવલી (ઈસ્ટ) ખાતે તા. ૫,૧૧ અને ૧૨ માર્ચ ૨૦૧૭ ના સવારે ૯.૦૦ કલાકે રાખવામાં આવેલ છે. દરેક જ્ઞાતીજનોએ યુવાખેલાડી નો ઉત્સાહ વધારવા તેમજ પ્રોત્સાહન આપવા શ્રી પરજીયા સોની સુવર્ણકાર યુવક મંડળ – મુંબઈનું ખાસ ભાવભર્યું આમંત્રણ છે.

''આંસુ જરૂર આવી જાય છે''

લાગણીના બંધનમાં અમે
બંધાય જઈએ છીએ.
કોઈની આંખોમાં આંસુ જોય,
દિલ અમારુ ભરાય આવે છે...
નાજુક દિલ અમારું એવુ,
કોઈને દુઃખી જોય,
આંખો અમારી ભીની થઈ જાય છે...
દુઃખી કોઈને કરતા નથી,
ઝખમ પણ કોઈને દેતા નથી,
પણ ખુશી જરૂર દઈએ છીએ,
કોઈને રડતા જોઈ ''અમીત'',
આંખોમાં આંસુ જરૂર આવી જાય છે...

– અમૃતલાલ પી. સોની ''અમીત''
(વેમ્બલી લંડન)

Matrimony Get to Gather for
1985 to 1990 born Gujarati
Post Graduate, Professionals & Businessman

Sunday,5th March 2017
4 PM to 7 PM

Entry only to candidate
Parents will not allowed

for form email us on
sagpansetu@gmail.com

Program is for Candidate only.
Charges Rs.1000/ per person which include
Website Membership & Directory
Bank Detail : A/c Name: Sagpansetu
Bank Name : United Bank of India Mulund
A/c No : 1226050975597
IFSC Code: UTBI0SVN547
Pl send us UTBIN No or Ref no. after making payment. You can Pay Through PAYTM on Mob.7045361287
Download our Android App :

www.sagpansetu.com
વધુ ઓફેલા ગુજરાતી પરણવાલા સંતાનો માટેની વેબસાઈટ
Website Having More than 1200 Bio-data
પેરેન્ટસની સગવડ માટે પ્રોફાઈલના પ્રિન્ટ કોપી પણ આપવામાં આવશે

કંકાવટી પરિણય કેન્દ્ર

એકમાત્ર સ્વતંત્ર, એકપણ રૂપિયો લીધા વગર નિઃસ્વાર્થ ભાવે દીકરી–દિકરાના પરિણય માટે મેળાપ કરાવતું કેન્દ્ર.
(ફક્ત પરજીયા સોની માટે)
ખાસ નોંધ : દીકરી માટે ખાસ પ્રાધાન્ય આપવામાં આવે છે અને દીકરીની માહિતી ગુપ્ત રાખવામાં આવે છે. દિપકભાઈ લક્ષ્મીદાસભાઈ ચોકસી (ઘાણાક) ભાવનગરવાળા – દર બુધવાર અને શનિવાર સાંજે ૫ થી ૭ સોનીવાડી, બોરીવલી (પ), મુંબઈ–૪૦૦૦૯૨.
મો.: ૯૩૨૪૪ ૪૮૫૨૫ (વૉટસ અપ નં.)

E-mail:
kankavati2014@gmail.com

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:40 PM

એડજસ્ટ એવરીવ્હેર

દાદા ભગવાન પ્રરૂપિત

જીવનમાં સમજીને દરેક પ્રસંગે આપણે જાતે જ સામાને એડજસ્ટ નહિ થઈ જઈએ તો ભયંકર અથડામણ થયા જ કરશે. જીવન વિષમય જશે અને અંતે તો જગત મારી-ઠોકીનેય એડજસ્ટમેન્ટ આપણી પાસેથી લેવડાવશે જ ! મને-કમને એડજસ્ટ થવું જ પડે જ્યાં-ત્યાં આપણે સામે ચાલીને, તો સમજીને કેમ ના એડજસ્ટ થવું કે જેથી કેટલીય અથડામણો ટાળી શકાશે ને સુખ-શાંતિ સ્થપાશે !

Life is nothing but adjustments. (જીવન એ બીજું કશું નથી, માત્ર એડજસ્ટમેન્ટ છે.) જન્મ્યા ત્યાંથી મરતાં સુધી એડજસ્ટમેન્ટ લેવાં જ પડે, પછી રડીને લો કે હસીને ! ભણવાનું ગમે કે ના ગમે પણ એડજસ્ટ થઈને ભણવું જ પડે. પરણતાં કદાચ ખુશ થઈને પરણીએ પણ પરણ્યા પછી આખી જિંદગી પતિ-પત્નીએ સામસામા એડજસ્ટમેન્ટ લેવાં જ પડે છે. બે ભિન્ન પ્રકૃતિઓએ આખી જિંદગી ભેગા રહી, પડયું પાનું નિભાવવાનું હોય છે. આમાં એકબીજાને બધી રીતે એડજસ્ટ થઈ જાય જિંદગીભર, આ કાળમાં એવાં કોણ ભાગ્યશાળી હશે ? એર, રામચંદ્રજી અને સીતાજીને પણ કેટલીય જગ્યાએ ડિસ્એડજસ્ટમેન્ટ નહોતાં થયાં ? સોનેરી હરણ અને અગ્નિપરીક્ષા ને ગર્ભવતી હોવાં છતાં જંગલમાં હકાલપટ્ટી ! એમણે કેવાં એડજસ્ટમેન્ટ લીધાં હશે ?

મા-બાપ અને છોકરાં એ એકબીજા સાથે ડગલે ને પગલે શું એડજસ્ટમેન્ટ નથી લેવાં પડતાં ? જો સમજીને એડજસ્ટ થઈ જાય તો શાંતિ રહે ને કર્મ ના બાંધે. કુટુંબમાં, ફ્રેન્ડસૂમાં, ધંધામાં, બધે જ, બોસ જોડે કે વેપારી કે દલાલ જોડે કે તેજી-મંદીના વાયરાઓ જોડે આપણે એડજસ્ટમેન્ટ ના લઈએ તો કેટલાં દુઃખના ડુંગરો ખડકાય ?

માટે 'એડજસ્ટ એવરીવ્હેર' ની માસ્ટર કી લઈને જે જીવે, તેને જીવનમાં કોઈ તાળું ના ખૂલે એવું ના બને. જ્ઞાની પુરુષ પરમ પૂજ્ય દાદાશ્રીનું સોનેરી સુત્ર 'એડજસ્ટ એવરીવ્હેર' જીવનમાં એડજસ્ટ કરી દઈએ તો સંસાર સુખમય થઈ જાય !

-ડૉ. નીરુબેન અમીન

પચાવો એક જ શબ્દ

પ્રશ્નકર્તા : હવે તો જીવનમાં શાંતિનો સરળ માર્ગ જોઈએ છે.

દાદાશ્રી : એક જ શબ્દ જીવનમાં ઉતારશો, બરોબર એક્ઝેક્ટ ?

પ્રશ્નકર્તા : એક્ઝેક્ટ, હા.

દાદાશ્રી : 'એડજસ્ટ એવરીવ્હેર' આટલો જ શબ્દ જો તમે જીવનમાં ઉતારી નાખો, બહુ થઈ ગયું, તમારે શાંતિ એની મેળે ઊભી થશે. પહેલું છે તે છ મહિના સુધી અડચણો આવશે, પછી એની મેળે જ શાંતિ થઈ જશે. પહેલાં છ મહિના પાછલાં રીએક્શન આવશે, શરૂઆત મોડી કરી તે બદલના. માટે 'એડજસ્ટ એવરીવ્હેર'. આ કળિયુગનાં આવાં ભયંકર કાળમાં તો એડજસ્ટ નહીં થાવને, તો ખલાસ થઈ જશો.

સંસારમાં બીજું કશું ના આવડે તેનો વાંધો નથી, પણ 'એડજસ્ટ' થતાં તો આવડવું જ જોઈએ. સામો 'ડિસ્એડજસ્ટ' થયા કરે ને આપણે 'એડજસ્ટ' થયા કરીએ તો સંસારમાં તરી પાર ઊતરી જશો. બીજાને અનુકૂળ થતાં આવડે, એને કોઈ દુઃખ જ ન હોય. 'એડજસ્ટ એવરીવ્હેર'. દરેક જોડે 'એડજસ્ટમેન્ટ' થાય, એ જ મોટામાં મોટો ધર્મ. આ કાળમાં તો જુદી જુદી પ્રકૃતિઓ, તે 'એડજસ્ટ' થયા વગર કેમ ચાલે ?

ડખો નહીં, 'એડજસ્ટ' થાઓ

સંસારનો અર્થ જ સમસરણ માર્ગ, એટલે નિરંતર પરિવર્તન પામ્યા કરે. ત્યારે આ ઘૈડિયાઓ જૂના જમાનાને જ વળગી રહે. અલ્યા, જમાના પ્રમાણે કર, નહીં તો માર ખઈને મરી જઈશ. જમાના પ્રમાણે એડજસ્ટમેન્ટ લેવું જોઈએ. મારે તો ચોર જોડે, ગજવાં કાપનાર જોડે, બધાં જોડે એડજસ્ટમેન્ટ થાય. ચોર જોડે અમે વાત કરીએ તો એય જાણે કે આ કરુણાવાળા છે. અમે ચોરને 'તું ખોટો છે' એવું ના કહીએ. કારણ કે એનો એ

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:41 PM

'વ્યુ પોઈન્ટ' છે. ત્યારે લોક એને 'નાલાયક' કહીને ગાળો ભાંડે. ત્યારે આ વકીલો જુઠા નથી ? 'સાવ જુઠો કેસ જિતાડી આપીશ' એમ કહે, તે એ ઠગારા ના કહેવાય ? ચોરને લુચ્ચો કહે ને આ તદ્દન જુઠ્ઠા કેસને સાચો કહે, તેનો સંસારમાં વિશ્વાસ કેમ કરાય ? છતાં એનુંય ચાલે છે ને ! કોઈનેય અમે ખોટો ના કહીએ. એ એન 'વ્યુ પોઈન્ટ' થી કરેકટ જ છે. પણ એને સાચી વાતની સમજ પાડીએ કે આ ચોરી કરે છે, તેનું ફળ તને શું આવશે.

આ ઘૈડિયાં ઘરમાં પેસે તો કહેશે, 'આ લોખંડનું કબાટ ? આ રેડિયો ? આ આવું કેમ ? તેવું કેમ ?'' એમ ડખો કરે. અલ્યા, કોઈ જુવાનની દોસ્તી કર. આ તો યુગ બદલાયા જ કરવાનો. તે વગર આ જીવે શી રીતે ? આવું નવું તો અનંત આવ્યું ને ગયું. તેમાં તમારે ડખો કરવાનો ના હોય. તમને ના ફાવે તો તે તમારે ના કરવું. આ આઈસ્ક્રીમ તમને એમ નથી કહેતો કે અમારાથી ભાગો. આપણે ના ખાવો હોય તો ના ખઈએ. આ તો ઘૈડિયાં એની પર ચિઢાયા કરે. આ મતભેદો તો જમાનો બદલાયો એના છે. આ છોકરાં તો જમાના પ્રમાણે કરે. મોહ એટલે નવું નવું ઉત્પન્ન થાય અને નવું ને નવું જ દેખાય છે. અમે નાનપણથી બુદ્ધિથી બહુ વિચારી લીધેલું કે આ જગત ઉંધું થઈ રહી છે કે છતું થઈ રહું છે. અને એ પણ સમજાયેલું કે આ જગતને ફેરવવાની કોઈને સત્તા જ નથી. છતાં અમે શું કહીએ છીએ કે, જમાના પ્રમાણે એડજસ્ટ થાવ. છોકરો નવી ટોપી પહેરીને આવે તો એવું ના કહીએ કે, આવું કંઈથી લઈ આવ્યો ? એના કરતાં એડજસ્ટ થઈએ કે, 'આવી સરસ ટોપી ક્યાંથી લાવ્યો ? કેટલાંની આવી ? બહુ સસ્તી મળી ?' આમ એડજસ્ટ થઈ જઈએ.

આપણો ધર્મ શું કહે છે કે અગવડમાં સગવડ જોવી. રાત્રે મને વિચાર આવ્યો કે 'આ ચાદર મેલી છે' પણ પછી એડજસ્ટમેન્ટ મૂકી દીધું તે એટલી સુંવાળી લાગે કે ના પૂછો વાત ! પંચેન્દ્રિયજ્ઞાન અગવડ દેખાડે અને આત્મા સગવડ દેખાડે. માટે આત્મામાં રહો.

ગંધાતા જોડે એડજસ્ટમેન્ટ

આ વાંદરાની ખાડી ગંધાય, તો એને શું વઢવા જવાય ? તેમ આ માણસો ગંધાય છે, તેને કંઈ કહેવા જવાય ? ગંધાય એ બધી ખાડીઓ કહેવાય ને સુગંધી આવે એ બાગ કહેવાય. જે જે ગંધાય છે બધા કહે છે કે, 'તમે અમારી જોડે વીતરાગ રહો'.

આ તો સારું–ખોટું કહેવાથી એ આપણને પજવે છે. આપો તો બન્નેને સરખાં કરી નાખવાનાં છે. આને સારું કહ્યું એટલે પછી અસર ના રહે. 'એડજસ્ટ એવરીવ્હેર'ની અમે શોધખોળ કરી છે. ખરું કહેતો હોય તેની જોડેય ને ખોટું કહેતો હોય તેની જોડેય 'એડજસ્ટ' થા. અમને કોઈ કહે કે, 'તમારામાં અક્કલ નથી'. તો અમે તેને તરત 'એડજસ્ટ' થઈ જઈએ ને તેને કહીએ કે, 'એ તો પહેલેથી જ ન્હોતી. હમણાં તું ક્યાં ખોળવા આવ્યો છે ? તને તો આજે એની ખબર પડી. પણ હું તો નાનપણથી એ જાણું છું'. આમ કહીએ એટલે ભાંજગડ મટીને ? ફરી એ આપણી પાસે અક્કલ ખોળવા જ ના આવે. આમ ના કરીએ તો 'આપણે ઘેર' (મોક્ષ) ક્યારે પહોંચાય ?

વાંકા જોડે એડજસ્ટ થાવ

પ્રશ્નકર્તા : વ્યવહારમાં રહેવાનું છે, તો 'એડજસ્ટમેન્ટ' એકપક્ષી તો ના હોવું જોઈએને ?

દાદાશ્રી : વ્યવહાર તો એનું નામ કહેવાય કે 'એડજસ્ટ' થઈએ એટલે પડોશી યે કહે કે, 'બધા ઘેર ઝઘડા છે પણ આ ઘેર ઝઘડો નથ'. એનો વ્યવહાર સારામાં સારો ગણાય. જેની જોડે ના ફાવે એ તો નબળાઈ છે. મારે બધા જોડે કેમ ફાવે છે ? જેટલા 'એડજસ્ટમેન્ટ' લેશો તેટલી શક્તિઓ વધશે અને અશક્તિઓ તૂટી જાય. સાચી સમજણ તો બીજી બધી ઊંધી સમજણને તાળાં વાગશે ત્યારે જ થશે.

સુંવાળા જોડે તો સહુ કોઈ 'એડજસ્ટ' થાય પણ વાંકા–કઠણ–કડક જોડે, બધાં જ જોડે 'એડજસ્ટ' થતાં આવડયું તો કામ થઈ ગયું. જગતની કોઈ વસ્તુ આપણને

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:42 PM

'ફીટ' થાય નહીં. આપણે એને 'ફીટ' થઈએ તો આ દુનિયા સરસ છે અને એને 'ફીટ' કરવા જઈએ તો દુનિયા વાંકી છે. એટલે 'એડજસ્ટ એવરીવ્હેર'. આપણે એને ફીટ થઈએને તો વાંધો નથી.

ડોન્ટ સી લૉ. સેટલ

'જ્ઞાની' તો સામો વાંકો હોય તોય તેની જોડે 'એડજસ્ટ' થાય. 'જ્ઞાની પુરુષ' ને જોઈને ચાલે તો બધી જાતનાં એડજસ્ટમેન્ટ કરતાં આવડી જાય. આની પાછળ સાયન્સ શું કહે છે કે વીતરાગ થઈ જાઓ, રાગ–દ્વેષ ના કરો. આ તો મહીં કંઈક આસક્તિ રહી જાય છે, તેથી માર પડે છે. આ વ્યવહારમાં એકપક્ષી – નિઃસ્પૃહ થઈ ગયા હોય, તે વાંકા કહેવાય. આપણને જરૂર હોય તો સામો વાંકો હોય તોય તેને મનાલી લેવો પડે. આ સ્ટેશન પર મજૂર જોઈતો હોય ને એ આનાકાની કરતો હોય તો તેને ચાર રૂપિય ઓછા–વત્તા કરીને (વધારે આપીને) મનાવી લેવો પડે અને ના મનાવીએ તો એ બેગ આપણાં માથા પર નાખે ને !

'ડોન્ટ સી લૉઝ, પ્લીઝ સેટલ' સામાને 'સેટલમેન્ટ' લેવા કહેવાનું. 'તમે આમ કરો, તેમ કરો' એવું કહેવા માટે ટાઈમ જ ક્યાં હોય ? સામાની સો ભૂલ હોય તોય આપણે તો પોતાની જ ભૂલ કહીને આગળ નીકળી જવાનું. આ કાળમાં 'લો (કાયદો) તો જોવાતો હશે ? આ તો છેલ્લે પાટલે આવી ગયેલું છે. જ્યાં જુઓ ત્યાં દોડાદોડ ને ભાગાભાગ ! લોક ગૂંચાઈ ગયેલાં છે. ઘેર જાય તો પત્ની બૂમો પાડે, છોકરાં બૂમો પાડે, નોકરીએ જાય તો શેઠ બૂમો પાડે, ગાડીમાં જાય તો ભીડમાં ધક્કા ખાય ! ક્યાંય નિરાંત નહીં ! નિરાંત તો જોઈએ ને ? કોઈ લડી પડે તો આપણે તેની દયા ખાવી કે 'ઓહોહો, આને કેટલો બધો અકળાટ હશે, તે લડી પડે છે !'' અકળાય તે બધા નબળા છે.

ફરિયાદ ? નહીં, 'એડજસ્ટ'

એવું છે ને, ઘરમાંય 'એડજસ્ટ' થતાં આવડવું જોઈએ, આપણે સત્સંગમાંથી મોડા ઘેર જઈએ તો ઘરવાળા શું કહેશે ? 'થોડોઘણો ટાઈમ તો સાચવવે જોઈએને ?' તે આપણે વહેલા ઘેર જઈએ એ શું ખોટું ? પેલો બળદીયો ચાલો નહીં તો પેલો ઘોંચ ના મારેને ! નહીં તો પેલો ઘોંચ મારે, ને આને હેંડવું પડે. હેંડવું તો છે જ ને ? તમે જોયેલું એવું ? પેલું પાછળ ખીલાવાળું હોય તે મારે. મૂંગું પ્રાણી શું કરે ? એ કોને ફરિયાદ કરે ?

આ લોકોને જો ઘોંચ મારી હોય તો તેમને બીજા બચાવવા નીકળે. પેલું મૂંગું પ્રાણી કોને ફરિયાદ કરે ? હવે આમને કેમ આવું માર ખાવાનું થયું ? કારણકે પહેલં બહુ ફરિયાદો કરી હતી. તેનાં આ પરિણામ આવ્યા. તે દહાડે સત્તામાં આવ્યો ત્યારે ફરિયાદો કર કર કરી. હવે સત્તા નથી એટલે ફરિયાદ કર્યા વગર રહેવાનું, એટલે હવે 'પ્લસ–માઈનસ' કરી નાખો. એના કરતાં ફરિયાદી જ ના થવું, એમાં શું ખોટું ? ફરિયાદી થઈએ તો આરોપી થવાનો વખત આવે ને ? આપણે તો આરોપી યે થવું, એમાં શું ખોટું ? ફરિયાદી થઈએ તો આરોપી યે થવું નથી ને ફરિયાદી યે થવું નથી. સામો ગાળ ભાંડી ગયો, એને જમા કરી દેવાનું. ફરિયાદી થવાનું જ નહીં ને ! તમને કેમ લાગે છે ? ફરિયાદી થવું સારું ? પણ એના કરતાં પહેલેથી જ 'એડજસ્ટ' થઈ જઈએ, તે શું ખોટું ?

અવળું બોલાયાનો ઉપાય

વ્યહારમાં એડજસ્ટમેન્ટ લેવું, તેને આ કાળમાં જ્ઞાન કહ્યું છે. હા, એડજસ્ટમેન્ટ લેવું. એડજસ્ટમેન્ટ તૂટતું હોય તોય એડજસ્ટ કરી લેવું. આપણે એની જોડે ખરાબ બોલી ગયાં. હવે, બોલી જવું એ આપણા હાથની વાત નથી. કોઈ ફેરો તમારાથી બોલી જવાય કે ના બોલી જવાય ? બોલી ગયા પણ પછી તરત જ આપણને ખબર પડે કે ભૂલ થઈ. ખબર તો પડયા વગર ના રહે, પણ તે વખતે પાછાં આપણે એડજસ્ટ કરવાં જતાં નથી. પછી એને તરત જ જઈને કહેવાનું કે, 'ભાઈ, મારાથી તે ઘડીએ આવું ખરાબ બોલી જવાયું, ભૂલ થઈ ગઈ. માટે માફ કરજે. ' એટલે એડજસ્ટ થઈ ગયું. એમાં વાંધો ખરો ?

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:42 PM

સુવર્ણ જનરલ હોસ્પીટલ - ભુમી પૂજન

સુવર્ણ જનરલ હોસ્પીટલના નવ નિર્માણનું ભુમી પૂજન શ્રીમતી કોકીલાબેન વિઠ્ઠલભાઈ થડેશ્વર જેમણે પોતાની જીવન મુડી ટ્રસ્ટ ને અપર્ણ કરી છે તેમના શુભ હસ્તે સંપન્ન થયું હતું. આ શુભ પ્રસંગે સુવર્ણ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી હરીભાઈ દેવદાનભાઈ ધકાણ પરિવાર, શ્રી યોગેશભાઈ અમૃતલાલ સાગર, શ્રી બાબુભાઈ મોહનભાઈ સલ્લા, શ્રી ગુણવંતભાઈ દુલ્લભભાઈ જીણાદ્રા તથા સોનીવાડી સંસ્થાના પ્રમુખ શ્રી વિજયભાઈ હ. સતીકુંવર, ઉપ પ્રમુખ શ્રી જમનાદાસ ધુસાભાઈ ધકાણ સહ કારોબારી સમીતી, સાંસદ સભ્ય શ્રી ગોપાલભાઈ શેટ્ટી, શ્રી પ્રવિણભાઈ શાહ, સમાજ શ્રેષ્ઠી શ્રી બાબુભાઈ ધાણક (સાવલીવાળા), શ્રીઅશ્વીનભાઈ સાગર (મનુભાઈ ઝવેલર્સ) સહીત મુંબઈની અનેક સંસ્થાઓના પ્રમુખ અને આગેવાનો ઉપસ્થીત રહયા હતા.

આપ્રસંગે વિશેષ રૂપે જામનગર, અમદાવાદ, ભાણવડ, રાજકોટ માં કાર્યરત સોની સમાજ ની સંસ્થાઓના પ્રમુખ, ઉપ પ્રમુખ તથા પ્રતિનીધીઓ એ હાજરી આપી હતી.

સુવર્ણ ચેરીટેબલ ટ્રસ્ટના આ ભગીરથ કાર્યમાં શ્રી હરીભાઈ દેવદાનભાઈ ધકાણના નેતૃત્વ અને માર્ગદર્શન માં સોનીવાડી સંસ્થા, સમાજના દાનવીરો અને કાર્યરત સંસ્થાઓ ના સહયોગથી આઠ માળ અને બે માળ બેસમેન્ટ ની આધુનીક સગવડતા ભરી હોસ્પીટલના નવ નિર્માણનું આ પહેલું પગથીયું છે.

સુર્વણ જનરલ હોસ્પીટલના નિમાર્ણ અને નવ નિમાર્ણમાં સંકળાયેલી દરેક વ્યક્તીનો સમાજ હંમેશ ઋણી રહેશે.

॥ જય મોમાઇ માં કૃપા ॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય વાલેમ્બારી માં કૃપા ॥

પ્રો. - ભરત વી. સોની કોલ : 022-28284511

જય ભોલેનાથ કાઠીયાવાડી હોટલ

સ્પે. વાનગી

સવારે - ગાઠીયા, જલેબી, ફાફડા

બપોરે - મેથીના ભજીયા મળશે.

પાર્ટી ઓર્ડર લેવામાં આવશે.

પુરણપુરી, બાજરીના સાઠા તથા લસણીયા રોટલા, બાજરીના ક્રાય રોટલા, પરોઠા, ઉધીયુ, શીંગણાનો ઓળો, સ્પે. રજવાડી ઢોકળી, સ્પે. છાશ, ચુરમાના લાડુ તેમજ ક્રાય ખિચડી મળશે.

શિવ ઓમ એપાર્ટમેન્ટ, શોપ નં. ૧, એસ.વી.રોડ, દહીસર (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૮.

કોઈ પણ વિષયમાં અધૂરા જ્ઞાન કરતાં તે વિષયનું અજ્ઞાન વધુ સારું છે.

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:44 PM

દીકરો તો ગમે દીકરી ન ગમે

ધર્મેશભાઈ અને વર્ષાબિહેનના ઘરે આજે દિકરીનો જન્મ થયો હતો જે એમનું પહેલું સંતાન બન્ને પતિ–પત્ની ઘણા ખુશ હતા. આવનારી દિકરીને તેમણે વહાલથી વધાવી હતી. હા, વર્ષા બહેનના સાસુ–સસરા દીકરીના આવવાથી નાખુશ થયા હતા. ધર્મેશભાઈએ દિકરીનું નામ હિરલ રાખ્યું. જેની આંખો હરણ જેની સુંદર અને વાન ઘણો ઉજળો હતો. એક નજરમાં દુશ્મનને પણ વહાલી લાગે એવું રૂપ ભગવાનને આપ્યું હતું. આખો પરિવાર બધો સમય હિરલને રાજી રાખવામાં વ્યસ્ત રહેતો હતો. ધર્મેશભાઈએ તો ઘરમાં સૌને જણાવી દીધું હતું કે તેઓ પોતાની દિકરીને ડોક્ટર બનાવવા માંગે છે. હિરલની દરેક ઈચ્છા પૂરી કરવા તેઓ દિવસ–રાત મહેનત પણ કરવા લાગ્યા. પણ, આ બધું પરિવારમાં સંતાન તરીકે એક માત્ર હિરલ હતી ત્યાં સુધી જ ચાલ્યું. સમય જતાં વર્ષાબિહેને એક પછી એક એમ ત્રણ પુત્રરત્નને જન્મ આપ્યો. હિરલ માટે જે લાગણી અને પ્રેમ હતો તે હવે દીકરાઓના આગમનથી ઓગળી ગયા હતા.



જેમ સ્વાભાવિક રીતે અનેક પરિવારોમાં બને છે એમ દીકરાના આગમનથી દિકરી ધીરે ધીરે એક હાંસિયામાં ધકેલાઈ જાય છે.

દીકરી ઘરના એક સદસ્યના બદલે ફક્ત એક જવાબદારી બનીને રહી જાય છે. ઘરના સૌ કોઈ બને તેટલા વહેલા પોતાની આ જવાબદારી બીજાને સોંપી પોતે મુક્ત થવા માંગતા હોય છે. જેથી કરીને દીકરાઓ પ્રત્યે સારી રીતે ધ્યાન આપી શકાય. કુદરતે સ્ત્રી અને પુરુષમાં ઘણો ફરક રાખ્યો છે. જે દેખીતી રીતે જરૂરી પણ હોય છે. કુદરત પાસે સ્ત્રી–પુરુષના ફરક પાછળ સબળ કારણ હોય છે. પણ કુદરતના આ ફરકને માનવીએ અન્યાયમાં ફેરવી દીધો છે. દીકરા–દીકરીનો ભેદભાવ માણસ શું કામ કરે છે એનો કોઈ યોગ્ય ઉત્તર કદાચ કોઈની પાસે નથી. દીકરીને જન્મ ભલે મા–બાપ આપે છે, પણ એવું મનાય છે કે તેમની દીકરીના જીવનમાં આવતા સુખ દુઃખની બધી જવાબદારી તો બીજાની હોય છે. જેને સમાજ દીકરીનો પતિ કહે છે. લોહીના સંબંધો વધારે મજબૂત હોય છે કે સમાજે જોડેલો સંબંધ વધારે મજબૂત હોય ? દીકરાઓને મા–બાપનો પ્રેમ મળે, તેમને જીવનની બધી સુખ સુવિધાઓ મળે, સમય જતાં વારસાગત હક્ક મળે તેની સામે કોઈ જ વાંધો નથી.

કહે છે કે દીકરો એક પરિવાર માંડ સાચવે છે. જ્યારે દિકરી બે કુટુંબની પ્રતિષ્ઠા સાચવતી હોય છે. જે દીકરીને પોતાના મા–બાપ તરફથી યોગ્ય સંસ્કાર મળ્યા હશે, તેથી દીકરીઓ બન્ને પરિવારની પ્રતિષ્ઠા, માન–સન્માન સાચવવામાં ઘણીવાર તેનું પોતાનું જ અસ્તિત્વ ભુલાઈ જતું હોય છે. આપણે મંદિરે જઈએ છીએ ત્યારે ત્યાંથી જે પણ પ્રસાદ મળે તેને પ્રેમથી માથે ચઢાવીને આરોગીએ છીએ. તો પછી ભગવાન તરફથી મળતાં દીકરા–દીકરી પણ તેમનો જ પ્રસાદ હોય છે. તો એનો અનાદર અને ભેદભાવ કરવાવાળા આપણે કોણ ?

વાચકોને વિનંતી. અહી આપેલા લેખ વિશે આપનો અભિપ્રાય જણાવશો તેવા ભાઈઓ તથા બહેનોને વિનંતી. કાઉન્સલરની સુવિધા અને નિઃશુલ્ક સેવા લેવા માટે સંપર્ક

શ્રુતિબહેન આર. ઘકાણ – ૯૭૨૬૭૨૫૮૬૦

શ્રુતિબહેન આર. ઘકાણ

બુદ્ધિશાળી વ્યક્તિને જેટલી તકો મળે છે તેથી વિશેષ તકો એ ઊભી કરે છે.

શરૂ કરો આપનો ડિજિટલ વેપાર, આજે જ ફ્રી રજિસ્ટર કરો આપની ડિજિટલ શાખા

Jewelxy™

Timeless Jewelry Marketplace

એક વ્યાપક, વૈશ્વિક B2B, B2C તેમજ O2O જેમ્સ અને જ્વેલરી ઉદ્યોગ માટેનું માર્કેટપ્લેસ

100000+
ગ્રાહકો અને વેચાણ કર્તાઓ!
૩૦ થી વધુ દેશોમાં!
૨૪ થી વધુ કેટેગરીમાં!

જોડાઓ
જોડાઓ વૈશ્વિક જેમ્સ એન્ડ જ્વેલરી બિઝનેસ નેટવર્ક સાથે

મેળવો
મેળવો યોગ્ય લોકો, પ્રોડક્ટ્સ અને ઓફર્સ

વિકસો
દેશ વિદેશના લાખો ગ્રાહકો સાથે લે-વેચ કરો, વેપારને વિકસાવો

gjjs gujarat gold jewellery show 2017

રૂબરૂ મુલાકાત લો
સ્ટોલ નંબર
E 69 - E 70.
હોલ નંબર 3,
તા. 7 - 9 એપ્રિલ, અમદાવાદ

ફ્રી રજીસ્ટ્રેશન માટે
મિસકોલ કરો 95 55 903 003
અથવા વિઝિટ કરો jewelxy.com

કારીગર | શોરૂમ (રિટેલર) | ઓનલાઈન પોર્ટલ | મેન્યુફેકચરર | હોલસેલર | ટ્રેડર | આંગડીયા | જ્વેલરી ડિઝાઈનર | ફોટોગ્રાફર
શૈક્ષણિક સંસ્થા | લેબોરેટરી અને રિફાઈનરી | | સાધનો અને મશીનરી | પેકેજિંગ અને ડિસ્પ્લે | અને વધુ

Registered Annual Member of

GJEPC INDIA

www.jewelxy.com

/Jewelxy

બુદ્ધિશાળી વ્યક્તિ અવસરની રાહ જોતો નથી પણ અવસર પેદા કરે છે.

JTEINDIA

Step into the NEW ERA of Technologies, Jewellery Production from the heart of ITALY!
Simplifying the latest & fastest *Gold Jewellery Technology at Your Doorstep*

SOLID & HOLLOW CHAINS
Specialist in Hollow Rope/
Silky Rope Chain

ITALIMPIANTI ORAFI CASTING & REFINING PLANTS

VACUUM AND PRESSURE CASTING FURNACES

CONTINUOUS CASTING UNIT

PRECIOUS METALS REFINING PLANT

TUNNEL INDUCTION MELTING FURNACE

AUTOMATIC CNC
Diamond Cutting Machines
for all Beads Kind & Design
HIGHEST PRODUCTION in Market

FAIMOND

BANGLES, RINGS & TUBE CNC Machine from

For more Details Contact Mr. TARUN THADESHWAR Regional Director, Middle East & Asia
+91 7506010750 Email: jtetarun@gmail.com

સુપર્ણ જનરલ હોસ્પીટલના ભૂમી પુજન પ્રસંગની તસ્વીરી ઝલક

સુવર્ણ જનરલ હોસ્પીટલના ભૂમી પુજન પ્રસંગની તસ્વીરી ઝલક

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:50 PM

સોની વાડી સંસ્થાના પ્રમુખ
શ્રી વિજયભાઈ હંસરાજભાઈ સતિકુંવરનું નવલું નજરાણું...

Global Connect

It's time to fly

ડોમેસ્ટીક/ઈન્ટરનેશનલ ફ્લાઈટ ટીકીટ તથા હોટલ બુકીંગ

સૌથી સસ્તા ભાવે ટીકીટ બુકીંગની ગેરંટી

ડોમેસ્ટીક તથા ઈન્ટરનેશનલ કસ્ટમાઈઝ્ડ ટુર પેકેજીસ આપના બજેટ તથા જરૂરિયાત મુજબ

દુકાન નં.૭, કેન્ટ ગાર્ડન, ટી.પી.એસ. રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૯૨.

✆ +91 22 28336008 • E-mail : flyglobalconnect@gmail.com

ચિરાગ વી. પટ્ટણી
96192 09809

સોની પરિવારો માટે વિશેષ ડીસ્કાઉન્ટ

દિનેશ થડાણી
9820336494

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:52 PM

આઠમો સમુહ વિવાહ સંસ્કાર સંપન્ન
સાવર કુંડલા – સુરત

શ્રી પરજીયા પટ્ટણી સોની જ્ઞાતી સેવા સમાજ ટ્રસ્ટ તથા યુવક મંડળ, સુરત તથા શ્રી પરજીયા પટ્ટણી સોની જ્ઞાતી વાડી ટ્રસ્ટ યુવક મંડળ, સાવરકુંડલા દ્વારા ૮ માં સમૂહ વિવાહ સંસ્કારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ૮ નવદંપતીએ પ્રભુતામાં પગલા પાડયા હતા આ શુભ પ્રસંગે મુંબઈ સોની વાડી સંસ્થાના પ્રમુખ શ્રી વિજયભાઈ સતીકુંવર માજી પ્રમુખ શ્રી વલ્લભભાઈ ધોરડા, શ્રી જયસુખભાઈ જીણાદ્રા (જે.વી.જીણાદ્રા) તથા શ્રી રાજુભાઈ ગોહીલ સહિત માનવંતા મહેમાનોએ ઉપસ્થીત રહી નવદંપતિઓને આશીર્વાદ આપ્યા હતા.

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય શ્રી માઁ વાઘેશ્વરી ॥

પરજીયા સોની જ્ઞાતિના ગોર

ગોરશ્રી કિરીટભાઈ જયસુખમહારાજ - M.: 9324973801 / 9930030619
E-mail : kiritvyas007@gmail.com

ગોરશ્રી લાલાભાઈ જયસુખમહારાજ - M.: 7506330751
ગોરશ્રી માધુભાઈ - M.: 9323566780

ભાગવદ્ સપ્તાહ - લગ્નાંવોધે - વોવેશાળ-વાસ્તુયજ્ઞ-ગ્રહશાંતે-નવચંડી-કથા
શ્રી રાંદલમાતાજીનું પૂજન, સીમંત સંસ્કાર તથા દરેક પ્રકારની ધાર્મિક વિધિ કરાવનાર
જ્યોતિષ-જન્માક્ષર જોનાર તથા જ્ઞાતિના દિકરા-દીકરી માટે યોગ્ય સ્થાન માટે
માહિતી આપનાર (જન્માક્ષર મફત જોનાર)

સરનામું : એ/૪, સાંઈરાજનગર, ૧લે માળે, ઈરાનીવાડી રોડ નં. ૩,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭. ફોન : ૨૮૬૬ ૦૭૦૦.

May-2017

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:53 PM

શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારીસોસાયટી

તા. ૦૧–૦૧–૨૦૧૭ થી ૩૧–૦૧–૨૦૧૭ સુધી આવેલ ભેટની યાદી

શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ) એજયુકેશન ફંડ

૨૧૦૦/– સોની ધીરૂભાઈ સાગર રાજકોટવાળા તરફથી સોનીવાડી મુલાકાતે આવતા શુભેચ્છા ભેટ.

૫૦૦/– દાઠાવાળા હાલ બોરીવલી સોની જયપ્રકાશભાઈ તનસુખલાલ સુરૂ તરફથી તેમના પ.પૂ. માતુશ્રી સ્વ. સોની સંયુક્તાબેન તનસુખલાલ સુરૂના પુણ્ય સ્મણાર્થે સંસ્થાને ભેટ.

૨૧૦૦/– ભગેડીવાળા હાલ બોરીવલી સોની નીલેશભાઈ રતીલાલ કતીરા તથા સોની હીરેનભાઈ રતીલાલ કતીરા તરફથી તેમના પ.પૂ. પિતાશ્રી સ્વ. સોની રતીલાલ નરસીહભાઈ કતીરાના પુણ્ય સ્મણાર્થે સોનીવાડી સંસ્થાને અર્પણ.

૧૦૦૦/– સતાપરવાળા (નાગપુરવાળા) હાલ દહીસર સોની રાજેન્દ્રભાઈ નાથાલાલ ઘાણકના સુપુત્ર ચિ. નયનના શુભ લગ્ન હળવદ નિવાસી શ્રી હેમેન્દ્રભાઈ ધીરજલાલ સોનેજી ની સુપુત્રી ચિ. ધ્વનિ સાથે તા. ૨૪–૦૧–૨૦૧૭ ને મંગળવારના રોજ થયા તે પ્રસંગે સંસ્થાને ખુશીભેટ.

સ્વ. રતીલાલ કરશનભાઈ ધકાણ સરસઈવાળા (દુબઈ) મેડીકલ આર્થિક સહાય ફંડ

૫૦૧/– રાજુલાવાળા હાલ કાંદીવલી સોની ભાવેશભાઈ ગુણવંતભાઈ જીણ્રાદ્રાની સુપુત્રી ચિ. માનસીનું શુભ વેવિશાળ રાજકોટવાળા શ્રી પ્રવિણભાઈ હેમરાજભાઈ પરમારના સુપુત્ર ચિ. પરાગ સાથે તા. ૧૮–૦૧–૨૦૧૭ ના બુધવારના રોજ થયા તે પ્રસંગે સંસ્થાને ખુશીભેટ

સ્વ. સોની માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ગઢડા–સ્વામીના) સ્વ. સોની શાંતાબેન માધવજીભાઈ ધકાણ ''મેડીકલ સહાય ફંડ''

૧૦૦૦/– જાત્રુંડાવાળા હાલ વિલેપાર્લે સોની કીરણભાઈ ગોરધનભાઈ સલ્લા તરફથી સંસ્થાને ભેટ

બીલ્ડીંગ ફંડ

૧,૦૦,૦૦૦/– વિસાવદરવાળા હાલ વિલેપાર્લે સોની શ્રી હરિભાઈ દેવદાનભાઈ ધકાણ તરફથી સોનીવાડી સંસ્થાને બિલ્ડીંગ ફંડમાં ખુશી ભેટ. સોનીવાડી સંસ્થા આપશ્રીનો હૃદયપૂર્વક આભાર માને છે.

૧૫,૦૦૦/– પીઠવડીવાળા હાલ મલાડ સોની પ્રભુદાસ જુઠાભાઈ કાગદડા (રાઠોડ) તરફથી તેમના પ.પૂ.માતુશ્રી સ્વ. સોની સંતોકબેન જુઠાભાઈ કાગદડા(રાઠોડ) તથા તેમના ધર્મપત્નિ સ્વ. સોની દિનાબેન પ્રભુદાસ કાગદડા(રાઠોડ) ના પુણ્ય સ્મણાર્થે સંસ્થાને બાંધકામ ફંડમાં અર્પણ.

આર્થિક સહાય બાબત

સોનીવાડી સંસ્થા (બોરીવલી) તરફથી જરૂરીયાતમંદોને આર્થિક સહાય આપવામાં આવે છે. સંસ્થાના હેતુ જેમને સહાયની જરૂર છે તેમને યોગ્ય મદદ આપવાનો છે. આપને જાણકારી આપતા કહેવાનું કે ઘણાં એવા પરિવારો છે જે આર્થિક સહાયથી વંચિત રહે છે. આપ આર્થિક સહાય લઈ રહ્યા છો અને હવે પછી આપને જરૂર ન હોય તો સોનીવાડી ના કાર્યાલયમાં અચૂક જણાવવું જેથી તે સહાય ખરેખર જેમને જરૂર છે તેમને મળી શકે. આ પણ એક પ્રકારની સહાય જ છે.

ભરતી અને ઓટ સાગરમાં આવે, ખાબોચિયાંને તેની ચિંતા નથી હોતી.

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:53 PM

શ્રી સમસ્ત પરજીયા સોની મહાજન સેવા ટ્રસ્ટ

૨૧૦૦/– ભગેડીવાળા હાલ બોરીવલી સોની શ્રી નિલેશભાઈ તથા શ્રી હિરેનભાઈ તરફથી તેમનાં પ.પૂ. પિતાશ્રી સ્વ. સોની રતીલાલ નરસિંહભાઈ કતીરાના પુણ્ય સ્મરણાર્થે દવા સહાયમાં અર્પણ

૫૫૦/– ગઢડા (સ્વામીની) હાલ બોરીવલી સોની શ્રી ભાસ્કરભાઈ માધવજીભાઈ ધકાણની સુપુત્રી ચિ. નેહલનાં શુભ લગ્ન ચાવંડવાળા હાલ કાંદિવલી સોની ઘનશ્યામભાઈ હરેશભાઈ થડેશ્વરનાં સુપુત્ર ચિ. નિમેષ સાથે થયા તે પ્રસંગે ખુશી ભેટ

૫૫૧/– ચાવંડવાળા હાલ કાંદિવલી સોની ઘનશ્યામભાઈ હરેશભાઈ થડેશ્વરનાં સુપુત્ર ચિ. નિમેષનાં શુભ લગ્ન ગઢડા (સ્વામીના) હાલ બોરીવલી સોની ભાસ્કરભાઈ માધવજીભાઈ ધકાણની સુપુત્રી ચિ. નેહલ સાથે થયા તે પ્રસંગે ખુશી ભેટ

૫૦૧/– રાજુલાવાળા હાલ કાંદિવલી સોની ભાવેશભાઈ ગુણવંતભાઈ જીણાદ્રાની સુપુત્રી ચિ. માનસીનું શુભ વેવિશાળ રાજકોટવાળા શ્રી પ્રવિણભાઈ હંસરાજભાઈ પરમાર સુપુત્ર ચિ. પરાગ સાથે થયું તે પ્રસંગે ખુશી ભેટ

૧૦૦૧/– સતાપરવાળા (નાગપુર) હાલ દહીંસર સોની રાજેન્દ્રભાઈ નાથાલાલ ઘાણકનાં સુપુત્ર ચિ. નયનનાં શુભ લગ્ન હળવદ નિવાસી શ્રી હેમેન્દ્રભાઈ ધીરજલાલ સોનેજીની સુપુત્રી ચિ. ધ્વનિ સાથે સંપન્ન થયા તે પ્રસંગે ભેટ

॥ શ્રી હનુમંતેય નમઃ ॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી હીંગળાજ માતાય નમઃ ॥

જ્યોતિષ આચાર્યશ્રી
શાસ્ત્રી રાજુભાઈ નાનાલાલ

M.: 99203 99958 / 84338 98669

સોની સમાજના જૂનાં અને જાણીતા વાસ્તુ પુજન, ભૂમી પુજન, સત્યનારાયણ કથા, નવચંડી યજ્ઞ, વિષ્ણુ યાગ, કાલસર્પ શાન્તી, નક્ષત્ર શાન્તી, મંગળ દોષ નિવારણ, આર્ય સમાજ વિધીના જાણકાર, જ્ઞાતિ રીવાજ ગુજ્જર શાસ્ત્રોક્ત વિધીથી લગ્ન કરાવનાર તથા પિતૃવિધી, નારાયણ બલી, ઉત્તરક્રિયા, મરણોપરાન્ત વિધીના જાણકાર પૂર્ણ વિધીવિધાન દ્વારા કરાવવા માટે મળો.

સરનામું : ૧૦૬, ઓમ સિદ્ધ વિનાયક સોસાયટી, નરીમાન રોડ,
વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૭.

કૂવો તરસ્યા પાસે નથી આવતો તરસ્યાએ કૂવા પાસે જવું પડે છે.

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:54 PM

પવિત્રતાની પ્રતિમૂર્તિ – શ્રદ્ધાસ્થાન ગાયમાતા

આપણો દેશ સદીઓથી ગૌરક્ષક દેશ તરીકે આળખાતો આવ્યો છે. ગાયોની પૂજા એ ભારતીય સંસ્કૃતિનો એક અવિભાજય વિભાગ ગણાતો હતો. ભૂતકાળમાં તો ગૌરક્ષકોએ પોતાનો જીવ આપીને પણ ગાયોની રક્ષા કરી છે. એના દાખલા આપણને ભાથીજી મહારાજના જીવચરિત્રમાંથી મળે છે. રણુજાના રાજા અજમલજીના વીરા રાણી હેથલના ભરથાર એવા રામદેવજી ગાયોની રક્ષા કાજે અને અબળાઓને અન્યાય ન થાય તે માટે પોતાનું આયખું ખરચી દેનાર શૂરવીરોની આપણા દેશમાં જરાપણ કમી ન હતી.

શાસ્ત્ર વિદ્યાન મુજબ ગાયની અંદર દેવતાઓનો વાસ છે. ભગવાન શ્રી કૃષ્ણએ પણ ગાયને માત્ર ચરાવવા પસંદ કરી હતી. ગાયના દૂધમાંથી બનેલું માખણ એ શુધ્ધ વિચારોનું મુખ્ય કેન્દ્ર ગણાય છે. ગાયનું દૂધ શરીરને–શરીરની તમામ નાડીઓને અતિ મજબૂત કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. આપણી જનની માં પછી આપણે ગાયને માતાની ઉપમાં આપી છે. ગાયના દૂધમાંથી બનેલી વસ્તુઓનો ઉપયોગ કરવાથી બુધ્ધિશક્તિ ખીલે છે. માતા જશોદાએ કનૈયાને માત્ર ગાયના દૂધથી ઉછેરીને મોટો કર્યો. જે ગાયને જમાડયા વિના કનૈયો ભોજન ન કરતો અને તેમની વાંસળીના સૂર સાંભળી ગાયો દોડતી–દોડતી તેમની આગળ પાછળ આવી જાય. માટે જ એક ગીતકારે–ભજન બનાવનારે સુંદર વર્ણન કર્યુ છે. ''છોટી છોટી ગૈયા છોટે છોટે મદન ગોપાલ, છોટો સોં મેરો મદન ગોપલ''

હિંદુ ધર્મમાં કોઈ વ્યક્તિના અવસાન પછી જ્યારે બારમા/તેરમાં ની વિધી હોય તે સમયે ગાયનું પૂંછડું ધોવડાવામાં આવે છે. બ્રાહ્મણને ગાયનું દાન (ચાંદી કે સોનાની) કરવામાં આવે છે. ગૌમુત્ર અને ગોબર આ પવિત્ર વસ્તુઓથી મૃત્યુ પામેલી વ્યક્તિને મોક્ષ મળે તે માટે જગ્યા પવિત્ર કરવામાં આવે છે તેવી પણ માન્યતા છે. ગૌ મુત્રના પ્રયોગો અનેક રોગો શરીરમાંથી દૂર કરે છે. ગાયનું દૂધ વિદ્યાર્થીઓની સ્મરણશક્તિને વધુ તેજ બનાવે છે. આંખોમાં આંજણ કરવાથી દ્રષ્ટિવિકાર દૂર થાય છે. આ ગૌમાતા ૩૩ કરોડ દેવતાઓ લઈને આ પૃથ્વી પર બિરાજી રહી છે. ભૂતકાળમાં સતયુગ વખતે કામધેનું નામની ગાય આ પૃથ્વી પર હતુ. કલ્પવૃક્ષ અને કામધેનું ગાયના દર્શન પુણ્યશાળી આત્માને જ થાય એવું કહેવાય છે. મકરસંક્રાતિના દિવસે ગાયને બાજરાની ઘૂંઘરી અને લીલુ ઘાસ માતા, બહેનો ખવડાવી દેવતાની પૂજા કરી હોવાનો સંતોષ અને આર્શીવાદ પ્રાપ્ત કરે છે.

આપણે ગાયમાતાનો મહિમા જોયો પણ આજે એક વાત દુઃખ સાથે કહેવી પડે છે કે છેલ્લા ઘણા સમયથી ભારત જેવા અહિંસાના દેશમાં હિંસાનું તાંડવ જોવા મળી રહયું છે. આપણી ગાયમાતાનું જીવન નરક બની ગયું છે. એની પર અનેક અત્યાચારો થઈ રહયા છે તે સાથે જેમાં દેવતાનો વાસ હોય અને આપણે જેને માતા સ્વરૂપે પૂજતા હોય તે સુરક્ષિત નથી. કતલખાનાઓની સંખ્યા વધી રહી છે. આજે જૈનો અને હિંદઓ રૈલી, વિરોધ પ્રદશન કરી ગાયોની કતલ અટકાવાના પ્રયત્ન કરે છે. પરંતુ સરકારનું વર્તન જોતા એમ લાગે છે કે કોઈપણ સરકાર ગૌહત્યા પ્રતિબંધીત કાયદો લાવવામાં રશ નથી ધરાવતી દરેક ભારતીય નાગરિકે એક નૈતિક ફરજ ગણી ગાયમાતાને બચાવવામાં માટે સાથ–સહકાર આપવો જોઈએ. તોજ ધરતી પર સાક્ષાત ભગવાનના રૂપ સમી ગાયમાતાને બચાવી શકાશે.

અંતે એટલું જ લખવાનું અત્યારે પ્રદૂષણના

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:55 PM

કારણે સ્વર્ગથી ઉતરેલી પવિત્ર ગંગા નદી પ્રદૂષિતતાના બધાજ સીમાડા વટાવી ગઈ છે. ત્યારે આપણી હિંદુ સંસ્કૃતિના પ્રતીક સમી ગાયને બચાવવાના શક્ય એટલા બધા પ્રયત્નો કરી ભગવાનની ઉત્તમ સેવા કરવાનો અને જીવદયાનો દાખલો પુરો પાડવો અત્યંત જરૂરી બની જાય છે. ગૌમાતાના વંશને બચાવી તમારી આવનારી પેઢીનું ભલુ કરવાના કાર્યમાં જોડાઈ જશો એવી અપેક્ષા આજનો માનવી ભગવાનને શોધવા ઠેકઠેકાણે જાય છે (કોઈની શ્રદ્ધાને ઠેસ પહોંચાડવાનો આશ્રય નથી) તો જ્યારે ગૌમાતામાં દેવતાનો વાસ હોવાનું કહેવાય છે. તો આપણા દેશમાં ગૌમાતાની કતલ થાય છે. રસ્તામાં રઝળતી હોય કે કૂડો કચરો ખાતી હોય તે આપણા માટે શરમજનક નથી ?

– સંકલન ભરત કે. સતીકુંવર

સમુહ લગ્ન

વૈશાખ સુદ – ૯, ગુરૂવાર

તા. ૦૪–૦૫–૨૦૧૭

આપનો સાથ, વિકાસ સમાજનો

આપના શુભ પ્રસંગને યાદગાર બનાવો અને સમાજના વિકાસમાં સહભાગી બનો. સોનીવાડી સંસ્થા તરફથી ચાલતા સેવા યજ્ઞને પ્રજ્વલિત રાખવામાં દાનશ્રેષ્ઠીઓનો મહત્વનું યોગદાન મળતું રહે છે. આપ સર્વે જ્ઞાતીજનો પણ આપના કુટુંબમાં ઉજવાતા શુભપ્રસંગે ઇચ્છા અને યથાશક્તિ મુજબ ની ભેટ સોની વાડી સંસ્થાને અર્પણ કરી સેવા ના આ પુણ્ય કાર્યમાં સહભાગી બની શકો છો.

જ્ઞાતીજનો માટે નિઃશુલ્ક માર્ગદર્શન

મો : ૭૭૩૮૯૪૮૨૬૯ / ૯૬૧૯૮૪૦૮૪૫

રિશીરાજ ગોહિલ

(બી.કોમ, એલએલ.બી)

એડવોકેટ હાઇ કોર્ટ

લાઈફ મેમ્બર :

બાંદ્રા બ્રાન્ચ એસોસિએશન, રજે માળે, ભાસ્કર બિલ્ડીંગ, એ.કે. માર્ગ, બાંદ્રા (ઇસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૧.

ઘરનું એડ્રેસ

બી-૩૦૪, કનકાઈ પાર્ક ૧, ઠાકુર કોમ્પલેક્ષ, કાંદિવલી (ઇસ્ટ), મુંબઈ ૪૦૦ ૧૦૧.

adv.rishirajgohil@gmail.com

દિનેશભાઈ એ. ધકાણ ફોન : ૨૮૨૮૧૦૯૬

સંજય ડી. ધકાણ મો : ૯૯૩૦૨૦૬૯૮૪





AT

અમૃત તારપાટા

૩જ માં. ઈ-૫, લોંઘા ભરવાડ ચાલ, કિષ્ણા કોલોની, આર.ટી. રોડ, ગુલમાંપકર હોસ્પીટલની સામે, દહિસર (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૮.

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:56 PM

ખોટું બોલવાની મીઠાશ

(આ વાર્તામાં કાનજીભાઈએ ખોટું બોલવામાંથી ઉભી થતી અનેક પ્રકારની આપત્તિનું ચિત્ર ખૂબ જ રમૂજ પ્રેરક શૈલીમાં વણી ઉખાણાનો કરામત જેવી શૈલી ઉભી કરી ચાતુરીપૂર્વક રજૂ કર્યું છે. રાજકુંવરીનો એક મુંઝવણમાંથી શરૂ થતી વાર્તા કાનજીભાઈની પાસે વાર્તાને માંડવાના એમના બહુરંગી સ્વભાવનો પરિચય કરાવે એ પ્રકારની છે. અનેક પ્રકારના સામાજિક દૂષણો ને પાળવા – પોષવાથી ઉભી થતી જીવનની કટૂતાનો નિર્દેશ કરી એમાંથી ઉભી થતી માઠી દશા અને દુર્ગુણાનો ભોગ માણસાઈ કઈ રીતે બને છે એ વાત ખૂબ જ સચોટ રીતે તાક્યું નિશાન પાર પાડે એ રીતે કાનજીભાઈએ તાર્કિક રીતે અહીં રજૂ કર્યા છે. સમાજના જુદા જુદા વર્ગની નારીની રકઝકમાંથી શરુ થતી આ વાર્તામાં વાતાવરણ ઈતિહાસપ્રધાન હોવા છતાં એમાં આવતી લોકબોલીની છાંટ તેમજ પ્રાદેશિક ખાન–પાનની વિશેષતાને સચોટ રીતે તાકે છે. વાતચીતના સ્તરે ચાલતી આ વાર્તામાં પાત્રોચિતભાવના દ્વારા કાનજીભાઈએ સામાજિક જીવનમાં રહેલી અનેક ખૂબીઓ અને એની પાછળ રહેલા ઉછેર–વર્તનની એક ચોક્કસ અસરને અહીં હળલી રીતે વેધક બનાવી નિરુપી છે. આ વાર્તામાં આવતી બાવા–સાધુઓની હિન્દીભાષાની છાંટવાળી લોકબોલીને કાનજીભાઈએ રમુજ સાથે કુતૂહલ થાય એમ નિરૂપી છે.

એક રમૂજ પ્રેરે એવો પ્રસંગ ઉભો કરીને કાનજીભાઈએ જીવનમાં સત્યપરાયણતાનો પક્ષ લઈને એમને અવળવાણીની ખૂબી દ્વારા સિદ્ધ કરવામાં ધારી સફળતા મેળવી છે.)

''હું બાયું, દુનિયામાં મીઠું શું ?'' રાજકુંવરી પૂછે છે,

''બહેન, તમે જ કહો ને ?'' બીજી બાઈ બોલી,

''મીઠામાં મીઠો તો દારૂ.એના જેવી મીઠપ મેં ક્યાંય નોં દેખી,''રાજકુંવરી બોલ્યાં, આ સાંભળી શેઠની દીકરી કે' છે, ''મોઠી તો પરમાટી (માંસ) ગણાય,''

''ના... રે બાઈ, મીઠામાં મીઠો તો સંસારનો વહેવાર,'' ખેડૂતની સ્ત્રીએ કહ્યું. આ ત્રણેયની વાત સાંભળી રાજવડારણ કે' છે, ''તમારી ત્રણેયની વાત ખોટી, ખરી મીઠાશ તો ખોટું બોલવામાં હોય છે.''

ચાર બાયું રાજઆંગણમાં બેઠિયું વાતુંએ ચડી છે. એક રાજપુત્રી, બીજી વણિક કન્યા, ત્રીજી ખેડૂતની નારી ને ચોથી દરબારગઢની દાસી. રાજા આ વાતો બારણાની આડશે ઊભા રહી છાનાછાના સાંભળે છે. ચારેયના જવાબ પૂરા થતાં રાજા પ્રગટ થાય છે. ચારેય બાયુંને શરમાતી–મુંઝાતી જોઈ રાજા કહે છે, ''દીકરિયું, સોખમાવ મા, તમારા ચારેયના જવાબ મજાના છે, પણ તમારે મારા મનનું સમાધાન કરવું જોશે.''

એમ કહી પ્રથમ તો પોતાની કુંવરીને રાજા કહે છે : ''બેટા, આપણું ખોરડું ભગવતી, કોઈ દારૂને અડે પણ નહિ અને તું દારૂની મીઠાશનાં વખાણ કેમ કરે છે ?''

રાજકુંવરી કહે, ''બાપુ, સાચી વાત આપની. દારૂ મેં નજીકથી જોયો પણ નથી અને કોઈ દી પીધો પણ નથી, પણ આપણા મહેલની પછવાડેથી બજારમાં દેખાય એટલું દૂર દારૂનું પીઠું (દુકાન) છે. ઈ તરફ એક દિવસ જોતી' તી તો એક દારૂ પીધેલ માણસને ચાર પાંચ જણા મળી ઢોર માર મારતા'તા, એને જોઈ મને થયું, હવે ઈ માણસ દારૂ નહિ પીવે, પણ મેં એને વળી પાછો ઈ જ દુકાને દારૂ પીતો જોયો, એટલે મને થયું કે દારૂમાં મીઠાશ હોવી જોઈએ.'

રાજા કહે : ''ઠીક બેટા, તેં તારા અનુભવ પ્રમાણે વાત કરી.'' પછી રાજા શેઠ– કન્યાને કે' છે : ''દીકરી, તમે વાણિયાની જાત. વધુ લોહી જુઓ તોય હરો ને તેં કેમ કહ્યું કે મીઠામાં મીઠું માંસ ?''

શેઠની દીકરી કહે : ''બાપુ, હું મારા અનુભવની વાત કહું છું. સાકરની ગુણ્યમાં મરી ગયેલી ઉદરડીને કીડીઓ વળગેલી જોઈને મેં માન્યું કે માંસ મીઠું હોવું જોઈએ,''

રાજા કહે : ''તારા અનુભવ પ્રમાણે ઠીક છે. પછી રાજા ખેડૂત સ્ત્રીને પૂછે છે : ''ભાઈ, તું પણ મારી દીકરી છે. તારો અનુભવ જણાયુ.''

ઉધાર પૈસા અને વણમાગી સલાહ બન્ને કદાપી આપવા નહીં.

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:56 PM

ખેડૂત નારી કે', ''બાપુ છે શરમાઉ છું. પણ તમો માવતર સમાન છો. જ્યારે અમારે દીકરા કે દીકરીના જન્મસમયે એવી વેદના થાય છે કે અમારે ને મોતને ચાર તસુનું ચ છેટું રહે છે. ત્યારે એમ થાય છે કે સંસાર–વહેવાર ન ભોગવ્યો હોત તો આવી પીડા ન થાત. પણ પછી સવા મહિનો ગયા પછી વાત ભુલાઈ જાય.''

''બાઈ, તેં પણ ઠીક કહ્યું ''પછી દાસી તરફ જોઈ રાજા કે' છે : ''દીકરી, તેં અચંબો પમાડે તેવી વાત કરી. ખોટું બોલવામાં મીઠાશ કેમ જાણી ? ખોટું બોલવાથી ઈશ્વરના ગુનેગાર ખોટાબોલાનો કોઈ વિશ્વાસ ન કરે અને તું કહે છે, ખોટું બોલવામાં મીઠાશ છે, તો કેવી રીતે ? બોલ્ય !''

ચતુર દાસી કે' છે : ''બાપુ, મારી વાત એવી નથી કે તમને હું અટાણે જ સમજાવી દઉ. એને માટે સમય જોયેં. દ્રવ્ય જોયેં, તો સાબિત કરી બતાવું આપને કે ખોટું બોલ્યામાં કેવો સ્વાદ છે !''

રાજા કહે : ''અરે, તારી ઝટપટ જુદી લાગે છે. જા, તને માગ્ય એટલું ધન ને એક વરસની મહેતલ આપું છું. સિદ્ધ ધન લઈને વડારણ તો હાલી નીકળી. હાલતાં–હાલતાં ગંગા કિનારે કાશી જેવી નગરીમાં આવી. એક જોગંદરને પગે પડી કહ્યું : ''બાલાજી, મને કંઠી બાંધો.''

બાવાજી કે' : ''બેટા, સાધુ હોને મેં સ્વાદ નહિ હૈ. કબી ખાના મિલતા, કબી નહિ મિલતા. કબુ માન મિલે, કબુ અપમાન.''

''મહારાજ, મને એનો ડર નથી, પણ સંસાર ખારો ઘૂવવા જેવો લાગે છે.'' એમ કહીને મુઠ્ઠી એક સોનામો'ર બાવાજીના પગમાં દાસીએ ધરી. ત્યાં તો મા' રાજની આંખ્યું થઈ ગ્યું સક્કરપારા જેવિયું. ખુશી થઈ બોલ્યા : ''અચ્છા બેટી, લગાવ ભભૂત.''

જોગીએ દાસીને દીક્ષા દીધી. કપાળે ત્રિપુંડ તાણી, ભગવી કંથા ધારણ કરી, કંઠે ને હાથે માળા–બેરખા પહેર્યાં. ઝોળી, ઝંડા, પતર–પાવડી લીધાં.

જાણ્યે આબુની ત્રાટીમાંથી અબધૂતાણી ઊતરી હોય એવી દાસી ઓપવા માંડી. હવે આપણે એને જોગણ્ય કહીશું.

જોગણ્યે પોણોસોક જેટલા સાધુબાવાને બોલાવીને કહ્યું : ''મારે જમાત બનાવી દેશ ફરવા છે. બોલો, તમારું કેટલું ખર્ચ ?

જોગીડા કે' : ''મૈયા, હમારે એક વખત ચકાચક લડ્ડુ ઔર ગાંજા–સૂકા. દૂસરા ઓર ક્યા ચાહિએ ! કુછ નહિ.''

અબધૂતાણી કે' : ''ભલે.''

પોણોસો સાધુ, ચારેક તંબુ, પચાસેક ઘોડા, દસ–પંદર ઊંટને એક હાથી ખરીદી લીધાં. આખું કમઠાણ બાંધી જમાતની મહંત બની, ગામેગામ ફરવા લાગી. હમણાં સુધી આવી સાધુની જમાત્યું આપણા દેશમાં ફરતિયું. હવે ઘટી ગયું છે, કારણ કે હવે એવી જમાત્યુંને ભિક્ષા ઓછી મળે છે.

આ જોગણે એક નવો જ ચીલો પાડ્યો છે કે કોઈની ભિક્ષા ન લેવી, કારણ, આની પાસે નાણાંનું પૂરતું જોર હતું. કોઈની (માની) પરવાહ ન હતી. બાવાઓની જમાતમાં ભલે દિગંબરો હોય, છતાં ભીખ તો માંગે જ. ગામ ઝાંપો લ્યે (ગામ મજમુ રકમ આપે તે) કોઈ ગામ ન દ્યે તો ચમત્કાર બતાવે ને ડરાવે કે 'તુમ્હારી ગામડી જલા દૂંગા.' પણ આ અબધૂતાણી તો કોઈ ચીજ ન લ્યે. લોકો નવાઈ પામે છે. 'આ... હા.. હા... આવી નિર્લોભી જમાત જોઈ નથી !.'

દુનિયામાં નિયમ છે કે 'ત્યાગે સો આગે', એટલે લોકો જોગણ્યને પગે હજારો રૂપિયા ધરે એટલે અબધૂતાણી ઠોકરે મારે ને કહે, 'લે જાવ. તુમારે દ્રવ્ય કી હમારે કુછ જરૂરત નહીં હે. હમકો ભગવાન હી દેનેવાલા હૈ.'ચકચાર જાગી. કોઈ પાસેથી દામ કે ભિક્ષા ન લેનાર જોગણીની જમાત નીકળી છે. હજારો લોકો દર્શને ઊમટ્યા. સગો ભાઈ બીમાર હોય એની ખબર ન કાઢે એવાં પણ આમાં હતાં.

આ જોગણ જમાત સહિત છ–આઠ મહિને આવી પોતાના ગામને પાદર. પડાવ નાંખ્યો. પણ માણસોનો મેળો થયો. ગામમાં ખબર પડતાં જૂના જમાનાના વિરાજ મુજબ ગામનું પંચ શીખ ચૂકવવા આવ્યું. જોગણ ઓળખી ગઈ. એને કોઈ ઓળખી શક્યું નહિ. એવો એનો દિમાગ,જાણ્યે આબેહૂબ સંન્યાસિની અને ક્યારેક અસલ કરતા નકલ ચડિયાતું

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:57 PM

ભજવે છે.

ગામપંચે પગે લાગી સીતારામ કર્યા. જોગણીએ ઝીલ્યા. ''બચ્ચા, કલ્યાણ હો સબકા'' કહી કુશળતા પૂછી ગામ આગેવાન કહે : ''માતાજી, તમ સરીખા સંતના તપે કરી લીલા છંઈ''.

જોગણ્ય કે' : ''નહિ, ભૈયા, વોહી સબ તુમ્હારી કમાઈ કા ફલ હૈ.''

ગામના પટેલે હાથ જોડીને કહ્યું, ''માતાજી, કેટલી ભિક્ષા લેશો ?'' ખબર હતી છતાંય પૂછયું.

જોગણ્ય કે' : ''નહિ, બચ્ચા, મેં કિસીકા નહીં લેતી.''

મુખી કે', ''માતાજી, તો આ બધુંય ખરચ ક્યાંથી કાઢો છો ?''

ત્યાં તો રોષ કરીને અબધૂતાણી કહે છે, ''અરે ભૈયા ! ગરબડ મત કરો, ભગવાન દેનેવાલા હૈ.''

પંચ દબાઈ ગયું. કોઈ બોલી શક્યું નહિ. જોગણીને સિદ્ધિવાન જાણી, સીતારામ કરી પંચ ગામમાં આવ્યું. પણ પટેલ પરબારા રાજા પાસે આવીને બનેલી વાત કહે છે. રાજા પણ નવાઈ પામી કચારી–મંડળ સહિત અબધૂતાણીને તંબૂએ આવવાનું કહેવરાવ્યું. જોગણી કે':

''અચ્છા, આને દો.''

રાજા તો પ્રભાવિત થઈ જોગણ્યના પગમાં પડયા. અબધૂતાણીએ આશીર્વાદ આપ્યા કે 'કલ્યાણ હો.'

રાજા જોગણીની પરીક્ષા કાજે હજાર સોનામહોર ધરે છે, જોગણ બોલે છે. ''સબકુ માલૂમ હૈ મેં ભગવાન બિના દૂસરેકા નહીં લેતી હૂં. યે ધન હટા લો.''

રાજા કહે : ''માતાજી, આપને ભગવાન હાથોહાથ આપે એ વાત ગળે નથી ઊતરતી. પ્રેરણા થકી પ્રભુ કોઈ પાસેથી અપાવે છે.''

અબધૂતાણી કે', ''ઓ બાત દૂસરી હૈ ઔર હમારી બાત દૂસરી. હમેં ઢાંઈસો રૂપિયા દિન કા ખર્ચ હૈ, વો તો સાક્ષાત ભગવાન હી હામકુ ભેજ દેતે હૈં. દુનિયા કી પાસ લેને કી હમારે ક્યા જરૂરત ?''

''માતાજી, ભગવાન આપને જ દર્શન દે કે બીજાને સોત ?''

''અરે, ભાઈ, જિસકે દિલ મેં સચ્ચા પ્રેમ હો જાવે, ઉસકું ભગવાન કા દીકરા હોતા હૈ.''

''માતાજી ! મને દર્શન થાય ?''

''હા ! દિલ સચ્ચા હોના ચાહિએ.''

ત્યારે ભગવાનનાં દર્શનનું નામ પડયે કોનું દિલ સાચું ન થાય ? એક વખત તો પાપી હોય તો પાપ ફગાવીને તાજો ભગત બની જાય.

રાજા કહે : ''માતાજી, મને ભગવાનનાં દર્શન કરાવ.''

રાજા પ્રભુનાં દર્શન કાજે ઊભા થયા ત્યાં તો તરત જોગણી કે છે ''ઠેરો. એક કારણ હૈ.''

''બોલો, માતાજી !''

''દર્શનાર્થી અપને બાપકી બુંદકા (પેટકા) હોના ચાહિએ. તો દર્શન હોવે, વરના નહીં.''

ત્યાં તો દીવાન કે' : ''અમારા બાપુ અસલ રાજબીજ છે.''

માતાજી કે' : ''તબ તો અચ્છી બાત, બડા બાવા, લે જાવ રાજાજી કો.''

મોટા તંબૂ નજીક સાવ બંધ કરેલ દ્વારવાળો નાનો તંબુ. એનું બારણું ખોલી બાવાજીએ રાજાને એકલા એમાં દાખલ કરી બારણું બંધ કર્યું. રાજાએ ત્યાં સુંદર બિછાવેલ સેજ, વેરાયેલ પુષ્પ, પીળી પાંભડી ને સુવર્ણની ચાખડીઓ જોઈ. રાજા વિચારે ચડયા : ''માળું આમ કેમ ? ભગવાન હું આવતાં અંતર્ધાન થયા હશે ?'' મારામાં કોઈ ફેરફાર હશે ? એમ વિચારી બિચારા રાજા પ્રભુની પ્રાર્થના કરે છે કે ''નાથ ! મને કેમ દર્શન થતાં નથી ? હું તમારે શરણે આવ્યો છું.'' કેટલોક સમય તંબુમાં દર્શન ન થવાથી રાજાને થયું કે મારામાં ફેર હશે હવે શું કરવું ? બહાર તો નીકળવું પડશે. વાત કરીશ કે ભગવાનનાં દર્શન મને ન થયાં, તો લોકો કહેશે રાજા એના પિતાનું સંતાન નથી. માટે આપણે સાચનો કટકો નથી થવું. રાજાજી બહાર આવી જોગણ્યને પગે પડી બોલ્યા :

''ધન્ય, માતાજી !, આપની કૃપાથી શંખ–ચક્ર–ગદા–પદ્મ–ધારી સાક્ષાત્ વિષ્ણુ ભગવાનનાં દર્શન

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:57 PM

થયા.'' જોગણ્ય કહે : ''और किसीको ईच्छा है हरिदर्शन की ?'' ડફ દઈને દીવાન ઊભા થયા, ''માતાજી ! મારા ઉપર દયા કરો !.''

જોગણ કે' : ''તુમ બી જાઓ.''

એ પણ છોટા તંબુમાં પ્રવેશ્યા. બસ એનું એ જ હતું. દીવાનેય વિચાર્યું. રાજા અસત ન ભાખે. વળી કોઈનો પાઈ–પૈસો ન લેનાર સંન્યાસિનીને આવું કરવાની શી જરૂર ? મારામાં જ ફેરફાર હશે. માટે ગોકીરો કરવો જ નથી. આવીને દીવાને જણાવ્યું કે : ''મને તો મોરલીધરનાં દર્શન થયાં.''

અબધૂતાણીની આશા થકી એક પછી એક એમ દોઢસો જણા છોટા તંબુમાં પ્રવેશ્યા, પણ કોઈ ભંડના દીકરાએ એટલું ન કહ્યું કે ત્યાં ભગવાન નથી !.

એકાએક જોગણ ત્યાંથી બાજુના ત્રીજા તંબુમાં જઈ, જોગ ઉતારી, મૂળ વસ્ત્રો પહેરી, દાસી બની ઊભી રહી. રાજા કહે, ''અરે, દીકરી ! તું અહીં ક્યાંથી ? અબધૂતાણીની અણસાર પણ તારા જેવી છે !''

''બાપુ, અણસાર નહિ, પણ હું જ છું. માફ કરજો, આપને પગે લગાડવા પડયા.''

રાજા કે' : ''બાઈ' ! તેં તો અખિયાત કરી. અમારા બદાના હરમ ખાટા કરી નાંખ્યાં.''

વડારણ કહે : ''એ બધુંય તો ઠીક, પણ આપ અને આ દોઢસો જણાને ખોટું બોલવાની કેવી મજા આવી ? ચાલો છોટા તંબુમાં.'' એમ કહી નાના તંબુએ આવી બારણું ખોલી બતાવી કહ્યું કે : ''અહીં ખાલી પથારી જ છે. કેવા ભગવાન ને કેવું કોઈ ! બોલો, બાપુ, ખોટું બોલવાનો સ્વાદ કેવા આવ્યો ?''

રાજા કે' : ''એની વાત નહિ એવો !.''

સાભાર – શ્રી કાનજી ભુટા બારોટ,
લોકકલા ફાઉન્ડેશન

ચાર યુગ

૧) સતયુગ ૨) દ્વાપરયુગ
૩) ત્રેતાયુગ ૪) કળીયુગ

સાત ચિરંજીવી

૧) અશ્વત્થામા ૫) વિભીષણ
૨) બલિ ૬) કૃપાચાર્ય
૩) વ્યાસ ૭) પરશુરામ
૪) હનુમાન

દસનામ સંપ્રદાય

૧) ગિરી ૬) પુરી
૨) પર્વત ૭) ભારતી
૩) સાગર ૮) સરસ્વતી
૪) વન ૯) તીર્થ
૫) અરણ્ય ૧૦) આશ્રમ

ચાર વેદ

૧) સામવેદ ૨) ઋગ્વેદ
૩) યજુર્વેદ ૪) અથર્વવેદ

ચાર વર્ણ

૧) બ્રાહ્મણ ૩) વૈશ્ય
૨) ક્ષત્રિય ૪) શુદ્ર

ઝઘડાઓ સત્યના કારણે નહિ પણ 'માની લીધેલા સત્ય' ના કારણે થતા હોય છે.

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:58 PM

ચાર ધૂણી

૧) ગોપાલ ધૂણી
૨) અજયમેઘ ધૂણી
૩) દત્ત ધૂણી
૪) સૂર્યમુખી ધૂણી

અઢાર પુરાણ

૧) બ્રહ્મ પુરાણ	૭) માર્કંડેય પુરાણ	૧૩) વરાહ પુરાણ
૨) પદ્મ પુરાણ	૮) અગ્ન પુરાણ	૧૪) બ્રહ્મવૈવર્ત પુરાણ
૩) વિષ્ણુ પુરાણ	૯) ભવિષ્ય પુરાણ	૧૫) લિંગ પુરાણ
૪) શિવ પુરાણ	૧૦) વામન પુરાણ	૧૬) મત્સ્ય પુરાણ
૫) શ્રીમદ્ ભાગવતમ્	૧૧) સ્કંદ પુરાણ	૧૭) ગરુડ પુરાણ
૬) નારદ પુરાણ	૧૨) કૂર્મ પુરાણ	૧૮) બ્રહ્માંડ પુરાણ

ચાર ધૂણી

૧) બ્રહ્મચર્ય
૨) ગૃહસ્થ
૩) વાનપ્રસ્થ
૪) સંન્યાસ

ચાર મઠ

૧) જોશી મઠ
૨) શૃંગેરી મઠ
૩) શારદા મઠ
૪) ગોવર્ધન મઠ

પંચ તત્વ

૧) પૃથ્વી
૨) આકાશ
૩) અગ્નિ
૪) જળ
૫) વાયુ

પાંચ સતી

૧) અહલ્યા
૨) દ્રોપદી
૩) સીતા
૪) તારામતી
૫) મંદોદરી

સાત મોક્ષપુરી

૧) અયોધ્યા
૨) મથુરા
૩) માયા
૪) કાશી
૫) કાંચી
૬) અવંતિકા
૭) દ્વારકા

બાવન વિર

૧. ક્ષેત્રપાલવીર ૨. કપિલ, ૩. બટુક ૪. નરસિંહ ૫. ગોપાલ ૬. ભૈરવ ૭. ગરૂડ ૮.રક્તવર્ણ ૯. દેવસેન ૧૦. રૂદ્ર ૧૧. કુટ ૧૭. પ્રિયંકર ૧૮. પ્રિયમિત્ર ૧૯. વર્ણ ૨૦. કંદર્પ ૨૧. હંસ
૨૨. એકગંધ ૨૩. ઘટોપથ ૨૪ દાયક ૨૫. કાલ ૨૬. મહાકાલ ૨૭. મેઘનાદ ૨૮. ભીમ ૨૯. મહાભીમ ૩૦ તુંગભદ્ર ૩૧. વિદ્યાધર ૩૨. વસુમિત્ર ૩૩. વિશ્વસેન ૩૪. નાગ
૩૫. નાગહરત ૩૬. પ્રદ્યુમ્ન ૩૭. કપિલ ૩૮. બકુલ ૩૯. ઉરદ્વપદ ૪૦. ત્રિસુખ ૪૧. પિશાચ ૪૨. ભૂતભૈરવ ૪૩. મહાપિશાચ ૪૪. કાલામુખ ૪૫ કુનક ૪૬. અસ્તિમુખ ૪૭. રેતોભેધસ ૪૮. સ્મશાનાચાર ૪૯. કેલિકલ ૫૦. ભૃંગ
૫૧. કટક ૫૨. વિભિષણ

આજીવન સભ્યોને વિનંતી

સંસ્થાના આજીવન સભ્યોને નમ્ર વિનંતી છે કે આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર સોનીવાડી કાર્યાલયમાં જમા કરાવવા. એ જીએમનો અહેવાલ પાઠવવામાં સરળતા રહે.

હૃદયને અરિસા જેવું ચોખ્ખુ રાખશું તો પ્રભુને ડોકિયું કરવાનું મન થશે.

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:59 PM

सत्यमेव जयते

AVADH TIMES DAILY

અમરેલી અને ગાંધીનગર થી પ્રસિધ્ધ થતું

અવધ ટાઈમ્સ

દૈનિક

ગુજરાતનું અગ્રગણ્ય
મોર્નીંગ ન્યુઝ પેપર

ભરતભાઈ ડી. ચૌહાણ (ધોરડા)
તંત્રી, મુદ્રક, માલિક, પ્રકાશક
(મો. ૯૮૨૫૨ ૩૫૫૧૧)

વિજયભાઈ ડી. ચૌહાણ (ધોરડા)
સહતંત્રી
(મો. ૯૮૨૫૨ ૩૫૨૮૪)

ગામડે ગામડે સીધો સંપર્ક
જીવંત પ્રસારણ
સૌથી વધુ દર્શકો ધરાવતી ન્યુઝ ચેનલ

અવધ ન્યુઝ

ચેનલ

એક કદમ આગે...

રોમીલ બી. ચૌહાણ (ધોરડા)
ચીફ ન્યુઝ એડીટર
(મો. ૯૪૨૮૦ ૪૦૪૦૧)

અવધ ટાઈમ્સ ગ્રુપ

હેડ પોસ્ટ ઓફીસ સામે, ગીરધરભાઈ સંગ્રહાલય શોપીંગ સેન્ટર, અમરેલી
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૮૯૬ - ૨૨૪૮૯૬ - ૨૨૪૯૪૭
૨૩૨૪૯૯ - ૨૨૪૧૧૫ • ફેકસ : ૨૨૦૧૫૫
Website : www.avadhtimes.net
E-mail : avadhtimes1@rediffmail.com. • avadhtimes@gmail.com

AVADH TIMES GROUP

જ્ઞાન અને વિજ્ઞાન માહિતી આપે છે જ્યારે સુબુદ્ધિ માર્ગદર્શન આપે છે.

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:11:59 PM

શ્રદ્ધાંજલિ

સ્વ. શેતુલ પ્રાણલાલ ઘાણક (ઉ.વ. ૪૦)

ભાવનગરવાળા (હાલ નૈરોબી)

સ્વર્ગવાસ તા. ૯-૧-૨૦૧૭, સોમવાર

પિતાશ્રી : સ્વ. પ્રાણલાલ ઘાણક
પત્ની : ખુશ્બુબેન શેતુલભાઈ ઘાણક
પુત્ર : રાહીલ અને આયુષ
ભાઈ : શ્રી કિશોરભાઈ પ્રાણલાલ ઘાણક

પ્રભુ સદગત ના આત્મા ને
પરમ શાંતિ આપે તેજ પ્રાર્થના

જય શ્રી કૃષ્ણ
ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિ

ભાવભીની શ્રદ્ધાંજલી

જન્મ
તા. ૧-૭-૧૯૪૧

સ્વર્ગવાસ
તા. ૧૬-૧-૨૦૧૭

સ્વ. ધીરજલાલ લક્ષ્મણભાઈ વાયા સુરત (ગાધકડા વાળા)

જીવન એવું જીવ્યા કે જોનારા જોયા કરે, કર્મ એવા કર્યા કે હૃદયમાં ગુંજવાં દુઃખથી કદી ડર્યા નહી.
સુખમાં સંયમ ગુમાવ્યો નહી ધર્મ કદી ભૂલ્યા નહી, હશે કોઈ પૂણ્ય અમારા અમોને પ્રેમ સંગાથ મળ્યો તમારો વિદાય એવી
લીધી કે કદી વિસરામ નહી, પરમકૃપાળું પરમાત્મા આપના દિવ્ય આત્માને પર શાંતી આપે એજ. અમારી પ્રર્થના...

ધર્મપત્ની – ગં.સ્વ. રસીલાબેન ધીરજલાલ વાયા

પુત્રો
શ્રી ભરતભાઈ ધીરજલાલ વાયા
શ્રી અશ્વિનભાઈ ધીરજલાલ વાયા
શ્રી રાજેશભાઈ ધીરજલાલ વાયા
શ્રી જનકભાઈ ધીરજલાલ વાયા

પૌત્ર
શ્રી પ્રતિક ભરતભાઈ વાયા
શ્રી અર્જુન રાજેશભાઈ વાયા
શ્રી જય અશ્વિનભાઈ વાયા

ગાધકડાવાળા વાયા પરિવારના જયશ્રી કૃષ્ણ

વાણી એ તો માનવ જાતને ઈશ્વરે આપેલી અણમોલ બિક્ષસ છે.

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:12:00 PM

ડી. કે. એસી હૉલ (સોનીવાડી)

એસી હૉલ - ૩૫૦-૪૫૦ મહેમાનો માટે*

શુધ્ધ શાકાહારી*

ઓપન કેટરર્સ *

(* શરતો લાગુ)

બોરીવલી-સોનીવાડીમાં આધુનિક સુવિધા ધરાવતા ડિલક્સ AC રૂમો

૨-બેડ

૩-બેડ

૫-બેડ

'સોનીવાડી'
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ–૯૨.
ફોન : ૨૮૯૮ ૩૯૦૫/૨૮૯૯ ૯૦૯૭
Email : sonisandesh1@gmail.com
Website : www.mumbaiparajiyasoni.org

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:12:03 PM

PARAJIA SONI SANDESH (Monthly) • February 2017 • R.N.I. No. MAHGUJ/2008/26726 • Postal Regn.No. MNW/85/2016-2018
Patrika Channel Sorting Office: Mumbai - 400 001 on 20th of every month • Date of Publication & Posting 20th of every month

॥ જય શ્રી મોંમાઈ મા ॥

'સોની સંદેશ' નિભાવ ફંડના સહયોગી દાતા

સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ઘકાણ
સ્વ. ઘનકુંવરબેન બાબુભાઈ ઘકાણ
(જામકાવાળા) ના પુણ્ય સ્મરણાર્થે

* હસ્તે *

શ્રી મહેન્દ્રભાઈ બાબુભાઈ ઘકાણ
જામકાવાળા (હાલ દુબઈ)

From :
શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી

સંચાલિત
પરજિયા સોની સંદેશ
શિંપોલી ક્રોસ લેન, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૯૨. ફોન : ૨૮૯૮ ૩૯૦૫ / ૨૮૯૯ ૯૦૯૭

TO,

FINAL FEB 2017
Thursday, February 16, 2017 7:12:03 PM